dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 180 | AD - 2026, Chaitra Vad -5 | Tuesday, Dt. 07-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### શરીફ યુનિવર્સિટી નજીક થયેલા બ્લાસ્ટમાં બહેરેસ્તાન કાઉન્ટીના રહેણાંક વિસ્તારમાં ૬ માસૂમ બાળકો સહિત અનેક લોકોના મોત

# પશ્ચિમ એશિયામાં ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચેનો સંઘર્ષ વધ્યો

**ઈરાકમાં ઈરાન સાથે જોડાયેલા લશ્કરી જૂથોએ યુએસ રાજદ્વારી સુવિધાઓ પર હુમલા કર્યા**

તહેરાન,તા.૦૬

પશ્ચિમ એશિયા હાલમાં ભીષણ યુધ્ધની જ્વાળાઓમાં ફસાઈ ગયું છે અને પરિસ્થિતિ દર કલાકે વધુ ખતરનાક બની રહી છે. ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેનો સીધો મુકાબલો હવે અત્યંત ગંભીર વળાંક લઈ રહ્યો છે. આ વિનાશક સંઘર્ષ હવે તેના ૩૭મા દિવસમાં પ્રવેશી ગયો છે. સતત મિસાઈલ હુમલા, વિસ્ફોટો અને બદલો લેવાના ગોળીબારથી સમગ્ર પ્રદેશ હચમચી ગયો છે. શહેરોમાં ભારે ગભરાટનું વાતાવરણ છે, લોકો ભયભીત છે, અને પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ બહાર જઈ રહી હોય તેવું લાગે છે, જેનાથી એક મોટા વૈશ્વિક યુધ્ધનો ભય વધી રહ્યો છે. ફાર્સ ન્યૂઝ એજન્સી અનુસાર, ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) ઈન્ટેલિજન્સ સંગઠનના વડા મેજર જનરલ સૈયદ માજિદ ખાદેમીનું એક કથિત યુએસ-ઈઝરાયલી હુમલામાં મોત થયું છે. સોમવારે થયેલા શ્રેણીબધ્ધ હવાઈ હુમલાઓમાં ૨૫ થી વધુ લોકો માર્યા ગયા છે. તેના બદલામાં તેહરાને ઈઝરાયલ અને તેના સાથીઓ પર મિસાઈલો છોડી છે. આ દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને



'હોર્મુઝની સામુદ્રધુની' ખોલવા માટે અપાયેલી સમયમર્યાદા પણ નજીક આવી રહી છે.

તેહરાનમાં રાતોરાત શક્તિશાળી વિસ્ફોટોના અવાજ ગુંજ્યા હતા અને શરીફ યુનિવર્સિટી નજીક થયેલા બ્લાસ્ટ બાદ આઝાદી સ્ક્વેર પર કાળા ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા. ઈરાની મીડિયાના અહેવાલ મુજબ, આ હુમલામાં બહેરેસ્તાન કાઉન્ટીના રહેણાંક વિસ્તારમાં ૬ માસૂમ બાળકો સહિત અનેક લોકોના મોત થયા છે. બીજી તરફ, ઈરાની મિસાઈલોએ ઉત્તર ઈઝરાયલના હાઈફા શહેરને પણ નિશાન બનાવ્યું છે, જોકે ત્યાં કોઈ મોટી જાનહાનિના અહેવાલ નથી. આ યુધ્ધની સીધી અસર હવે વૈશ્વિક ઊર્જા બજાર પર પણ પડી રહી છે. દક્ષિણ કોરિયા પશ્ચિમ એશિયામાંથી ક્રૂડ ઓઈલનો સપ્લાય સુનિશ્ચિત કરવા માટે સાઉદી અરેબિયા, ઓમાન અને અલ્જેરિયામાં ખાસ દૂતો અને જહાજો મોકલવાની યોજના બનાવી રહ્યું છે, કારણ કે તે તેની ૭૦ ટકા જેટલી જરૂરિયાતો માટે આ પ્રદેશ પર નિર્ભર છે.

આ ભારેલા અગ્નિ જેવા માહોલ વચ્ચે, ૪૫ દિવસના સંભવિત યુધ્ધવિરામ અંગે રાજદ્વારી પ્રયાસો પણ તેજ થયા છે. ન્યૂઝ આઉટલેટ 'એક્સિઓસ'ના અહેવાલ અનુસાર, પાકિસ્તાન, ઈજિપ્ત અને તુર્કીની મધ્યસ્થી હેઠળ અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે, જેને યુધ્ધનો અંત લાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. પરંતુ આ શાંતિ પ્રયાસો વચ્ચે પણ ઈરાકમાં ઈરાન સાથે જોડાયેલા લશ્કરી જૂથોએ યુએસ રાજદ્વારી સુવિધાઓ પર હુમલા ચાલુ રાખ્યા છે, જેને અમેરિકાએ કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલો ગણાવ્યો છે.

# રખડતા પશુઓના ત્રાસ મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યો પાસેથી જવાબ માંગ્યો

નવી દિલ્હી,તા.૦૬

સુપ્રીમ કોર્ટે દેશભરના રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો (હાઈવે) પરથી રખડતા પશુઓને દૂર કરવાના મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. 'લોયર્સ ફોર હ્યુમન રાઈટ્સ ઈન્ટરનેશનલ' દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે કેન્દ્ર સરકાર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ પાઠવી છે. આ મામલે કોર્ટે



આગામી ચાર અઠવાડિયામાં વિગતવાર જવાબ માંગ્યો છે.

અરજીમાં હાઈવે પર થતા અકસ્માતો અટકાવવા માટે એક સમાન રાષ્ટ્રીય માર્ગદર્શિકા બનાવવાની માંગ કરાઈ છે. ખાસ કરીને અકસ્માતગ્રસ્ત વિસ્તારો અને એક્સપ્રેસ-વે પર ફરજિયાત વાડ લગાવવાની રજૂઆત થઈ છે. અરજદારે વિનંતી કરી છે કે રખડતા પશુઓ માટે વૈજ્ઞાનિક રીતે સંચાલિત ગૌશાળાઓ સ્થાપવા બજેટ ફાળવવામાં આવે અને પશુઓને રસ્તે રઝળતા છોડી દેનારા માલિકો સામે કડક દંડાત્મક પગલાં લેવાય. આ ઉપરાંત, આવા રખડતા પશુઓના કારણે થતા માર્ગ અકસ્માતોનો ભોગ બનેલા નિર્દોષ નાગરિકો માટે દોષ સાબિત કર્યા વગરનું ચોક્કસ વળતર માળખું ઊભું કરવાની પણ દાદ માંગવામાં આવી છે.

# ભાજપ સ્થાપના દિવસ પર પીએમ મોદી બોલ્યા, 'ઈન્ડિયા ફર્સ્ટ' ના સિધ્ધાંત સાથે પક્ષ સેવામાં અગ્રેસર

નવી દિલ્હી,તા.૦૬

ભારતીય જનતા પાર્ટીના (BJP) ૪૭મા સ્થાપના દિવસ નિમિત્તે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરના પાર્ટીના સમર્પિત કાર્યકરોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોતાના સંદેશમાં જણાવ્યું કે, ભાજપ હંમેશા 'ઈન્ડિયા ફર્સ્ટ' (સૌપ્રથમ ભારત)ના પવિત્ર સિધ્ધાંત સાથે સમાજની સેવા કરવામાં અગ્રેસર રહ્યો છે. તેમણે પક્ષના



પાયાના કાર્યકરોની નિઃસ્વાર્થ સેવા, અથાક સમર્પણ અને સુશાસન માટેના અદભુત જુસ્સાની ભારે પ્રશંસા કરી હતી.

આ ખાસ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા અને પક્ષના મૂળ મંત્ર 'રાષ્ટ્ર પ્રથમ, પાર્ટી આગળ અને સ્વ છેલ્લે' પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે સરહદ સુરક્ષા હોય, આંતરિક સુરક્ષા મજબૂત કરવાની હોય કે ભારતીય સંસ્કૃતિનું જતન કરવાનું હોય, ભાજપે હંમેશા પોતાના કાર્યો દ્વારા શ્રેષ્ઠતા સાબિત કરી છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ પક્ષના સ્થાપના દિનની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે ભાજપ માત્ર એક રાજકીય સંગઠન નથી પરંતુ એક જીવંત વૈચારિક પરંપરા છે. પક્ષનો મૂળ ઉદ્દેશ્ય સત્તા મેળવવા પૂરતો સીમિત નથી, પરંતુ 'અંત્યોદય' (છેવાડાના માનવીનો ઉદય) થી લઈને સમગ્ર રાષ્ટ્રના ઉદય સુધી વિસ્તરેલો છે. આજે આ વિશાળ રાષ્ટ્રવાદી પરિવાર કરોડો દેશવાસીઓની આકાંક્ષાઓને સશક્ત બનાવી રહ્યો છે.

### આસામના બારપેટામાં એક ચૂંટણી રેલી દરમિયાન કૉંગ્રેસ પર આકરા પ્રહારો

# કૉંગ્રેસ લાંબા ગાળાના વિઝનના અભાવથી દરેક ચૂંટણી હારી રહ્યા છે : પીએમ મોદી

ગુવાહાટી,તા.૦૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના બારપેટામાં એક ચૂંટણી રેલી દરમિયાન કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે કૉંગ્રેસ પાસે હંમેશાં લાંબા ગાળાના વિઝનનો અભાવ રહ્યો છે અને તેઓ માત્ર ભ્રષ્ટાચાર દ્વારા ટૂંકા ગાળાના ફાયદાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરતા હતા. પીએમ મોદીએ કહ્યું કે આ જ કારણ છે કે કૉંગ્રેસ સતત ચૂંટણીઓ હારી રહી છે અને



આ વખતે જનતા તેમને 'હારની સદી' કરાવશે. તેમણે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો કે આસામમાં ભાજપ-એનડીએ (NDA) સરકાર હેટ્રિક કરશે.

ખેડૂતોના કલ્યાણ અંગે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું કે ૨૦૧૪ પહેલાં જ્યારે કૉંગ્રેસ સત્તામાં હતી ત્યારે ડાંગરના ખેડૂતોને એમએસપી (MSP) તરીકે માત્ર ૪ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૬ લાખ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. તેમણે ઉમેર્યું કે ૨૦૧૩ માં જે ડાંગરનો ભાવ ૧૩૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતો, તે આજે વધીને આશરે ૨૩૭૦ રૂપિયા થઈ ગયો છે.

મહિલા અનામતના મુદ્દે વડાપ્રધાને કહ્યું કે ભારત દેશના સર્વાંગી વિકાસ માટે સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓની ભાગીદારી અત્યંત જરૂરી છે. આ માટે જ તેમની સરકારે 'નારી શક્તિ વંદન કાયદો' પસાર કર્યો છે, જેમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત નક્કી કરવામાં આવી છે. દેશની કરોડો દીકરીઓ અને બહેનો આ હકની ૪૦ વર્ષથી રાહ જોઈ રહી હતી. ૨૦૨૯ની લોકસભા ચૂંટણીથી મહિલાઓને આ અનામતનો સીધો લાભ મળે તે માટે કાયદાકીય સુધારા જરૂરી છે. આ મહત્ત્વના કાર્યને સર્વાનુમતે આગળ વધારવા માટે સરકારે ૧૬ એપ્રિલથી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. પીએમ મોદીએ દેશના તમામ રાજકીય પક્ષોને પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને આ ઐતિહાસિક કાર્યમાં સકારાત્મક ટેકો આપવા અપીલ કરી છે.

# ભારતીય એલપીજી જહાજ 'ગ્રીન આશા' હોર્મુઝની સામુદ્રધુની પાર કરી સુરક્ષિત રીતે પરત ફર્યું

નવી દિલ્હી,તા.૦૬

ઈરાન પરના હુમલા બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા તેલ અને ગેસના જહાજો પૈકી વધુ એક ભારતીય એલપીજી જહાજ 'ગ્રીન આશા' આ ખતરનાક વિસ્તારને સફળતાપૂર્વક પાર કરી ગયું છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગના અહેવાલ મુજબ, આ અગાઉ 'ગ્રીન સાનવી' પણ સુરક્ષિત રીતે નીકળી ચૂક્યું છે. હવે આ જોખમી વિસ્તારમાં માત્ર 'જગ વિક્રમ' નામનું એક જ



એલપીજી જહાજ બાકી રહ્યું છે, જે ભારતીય નૌકાદળની આગામી સૂચનાઓની રાહ જોઈ રહ્યું છે.

શિપિંગ મંત્રાલયના જણાવ્યા અનુસાર, હજુ પણ પર્શિયન ગલ્ફ સહિતના વિસ્તારોમાં ભારતના અસંખ્ય જહાજો અને હજારો નાવિકો હાજર છે, જેમને બચાવવા માટે સતત રાજદ્વારી પ્રયાસો અને નૌકાદળની મદદ લેવામાં આવી રહી છે.




# જગ્ગી હત્યા કેસ મામલે છત્તીસગઢ હાઈકોર્ટે અમિત જોગીને આજીવન કેદની સજા ફટકારી

બિલાસપુર,તા.૦૬

છત્તીસગઢ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ રમેશ સિંહાની આગેવાની હેઠળની બેન્ચે ૨૦૦૩ ના ચકચારી રામાવતાર જગ્ગી હત્યા કેસમાં મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી



અજિત જોગીના પુત્ર અમિત જોગીને હત્યા અને ગુનાહિત કાવતરાના દોષી ગણીને આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે કોર્ટે ટ્રાયલ કોર્ટના ૨૦૦૭ ના નિર્દોષ છૂટવાના આદેશને રદ કરીને જોગીને ત્રણ અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. સીબીઆઈ દ્વારા રજૂ કરાયેલા ૧૧,૦૦૦ પાનાના અહેવાલ અને પુરાવાઓના આધારે આ આખરી ચુકાદો સંભળાવવામાં આવ્યો છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૭-૦૪-૨૦૨૬

# રાજુલા વિધાનસભા વિસ્તારમાં ભાજપના ૪૬મા સ્થાપના દિવસની ઉજવણી

રાજુલા ,તા.૦૬



રાજુલા વિધાનસભા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના ૪૬મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક ધારાસભ્યના કાર્યાલય ખાતે પક્ષનો ગૌરવવંતો ધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી. આ ઉપરાંત પક્ષના વરિષ્ઠ કાર્યકર્તા, પ્રદેશ આગેવાન અને પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી રવુભાઈ ખુમાણના નિવાસ્થાન ખાતે પણ પક્ષનો ધ્વજ લહેરાવીને આ દિવસને યાદગાર બનાવવામાં આવ્યો હતો. આ મંગલ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય વિક્રમભાઈ શિયાળ, બક્ષીપંચ મોરચાના જિલ્લા પ્રમુખ સાગરભાઈ સરવૈયા, તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ ગુજરીયા, શહેર ભાજપ મહામંત્રી પરેશભાઈ ગોહિલ સહિતના હાજર રહ્યાં હતા.

# વિઠ્ઠલપુર તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસમાંથી ત્રણ લોકોએ દાવેદારી કરી

અમરેલી,તા.૦૬







અમરેલી તાલુકાની વિઠ્ઠલપુર તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસ પક્ષના આગેવાનોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ બેઠક પર કોંગ્રેસ પક્ષની પકડ ખૂબ જ મજબૂત માનવામાં આવતી હોવાથી પક્ષના સ્થાનિક નેતાઓ ચૂંટણી લડવા માટે વિશેષ રસ દાખવી રહ્યા છે. આ બેઠક પરથી ચૂંટણી લડવા માટે તાલુકા કોંગ્રેસના વર્તમાન ઉપપ્રમુખ અરવિંદભાઈ ગોંડલીયા અને ઉપપ્રમુખ રાવતભાઈ ધાધલ તેમજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ કિર્તીભાઈ ચોડવડીયાએ પક્ષ સમક્ષ સત્તાવાર રીતે પોતાની પ્રબળ દાવેદારી નોંધાવી છે.

# રાજુલા ડેપો દ્વારા ઉનાળુ વેકેશનને ધ્યાને લઈ આજથી નવી બસ શરૂ

રાજુલા ,તા.૦૬

રાજુલા એસટી ડેપો દ્વારા ઉનાળુ વેકેશનને ધ્યાનમાં રાખીને પ્રવાસી જનતા માટે વધુ એક સુવિધા શરૂ કરવામાં આવી છે. હાલમાં રાજુલા ડેપો દ્વારા સવારના ૬:૦૦ કલાકે રાજુલા-ઓખા બસ શરૂ છે અને તે રૂટ રાબેતા મુજબ શરૂ જ રહેશે. તે સિવાય તારીખ ૦૭/૦૪/૨૦૨૬ થી દરરોજ રાત્રિના ૭:૦૦ કલાકે રાજુલા-ઓખા નવી બસ શરૂ કરવામાં આવી રહી છે. આ બસ રાજુલા, જાફરાબાદ, ઉના, કોડીનાર, વેરાવળ અને પોરબંદર થઈને ઓખા પહોંચશે. તેવી જ રીતે ઓખાથી રાજુલા આવવા માટે પણ મુસાફરોને રાત્રિના સમયે આ બસ પરત મળશે. રાજુલા ડેપો મેનેજર દ્વારા પ્રવાસી જનતાને આ નવીન સુવિધાનો મહત્તમ લાભ લેવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# સા.કુંડલાના લીખાળા ગામના વતની દ્વારા કન્યાશાળા નં.૨ મા અનોખી ઉજવણી

અમરેલી,તા.૦૬



મૂળ સાવરકુંડલાના લીખાળા ગામના વતની અને હાલ અમેરિકા સ્થિત અતુલભાઈ રણછોડભાઈ રાદડિયા તથા તેમના ધર્મપત્ની દક્ષાબેનના જન્મદિવસ નિમિત્તે સાવરકુંડલાની સરકારી કન્યા શાળા નંબર-૨માં અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુંબઈના ગૌસેવક જયેશભાઈ માટલીયાના સહયોગથી શાળાની ૪૦૦ દીકરીઓને શ્રીખંડ-પૂરીનું સ્વાદિષ્ટ ભોજન કરાવાયું હતું. દીકરીઓની સુરક્ષા અને જાગૃતિ માટે ખાસ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા 'ગુડ ટચ અને બેડ ટચ' ની સમજ અપાઈ હતી. સાથે જ નારી અદાલતના હેતલબેન જોષી અને તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા મહિલા હકો અને સરકારી યોજનાઓની સચોટ માહિતી આપવામાં આવી હતી.

# રાજુલા તાલુકામાં આરોગ્ય અધિકારી દ્વારા કામગીરીની સમીક્ષા કરાઈ

રાજુલા,તા.૦૬



રાજુલા તાલુકામાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. અર્બન હેલ્થ સેન્ટર ખાતે આશા બહેનો અને સ્ટાફની કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અપાયું હતું. જિલ્લાની ટીમે માતા અને બાળ આરોગ્ય સેવાઓ તેમજ સગર્ભા સહાય જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. માતા-બાળ મૃત્યુદર ઘટાડવા માટે મેડિકલ ઓફિસર્સ અને સુપરવાઈઝર્સ સાથે ખાસ રિવ્યુ મીટિંગ યોજી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં તાલુકા આરોગ્ય અધિકારી સહિત સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.




# બાબરાના કોટડાપીઠામાં 'શ્રીમદ ભાગવત રસામૃતમ'નું ભવ્ય આયોજન કરાયું

બાબરા,તા.૦૬



બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે આવેલી નવનીત પ્રિયાજી હવેલીના લાભાર્થે આગામી તારીખ ૧૦-૦૪-૨૦૨૬, શુક્રવારથી ૧૬-૦૪-૨૦૨૬, ગુરુવાર સુધી 'શ્રીમદ ભાગવત રસામૃતમ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત ગ્રામજનોના સહકારથી રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા રૂડકીયા પ્લોટ ખાતે આ ધાર્મિક મહોત્સવ સંપન્ન થશે. કથાનો સમય દરરોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકનો રાખવામાં આવ્યો છે. આ મંગલ કથામાં વ્યાસપીઠ પર શાસ્ત્રી ભાવેશભાઈ એલ. પંડ્યા (મુખ્યાજી દાદા) બિરાજીને શ્રધ્ધાળુઓને કથાનું રસપાન કરાવશે. આ કથાના વિવિધ પ્રસંગો ધામધૂમપૂર્વક ધાર્મિક માહોલમાં ઉજવવામાં આવશે. દરરોજ બપોરે ૧૨:૦૦ કલાકે કથા વિરામ સમયે વિવિધ દાતાઓના સહયોગથી તમામ ભક્તજનો માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. હવેલીના મુખ્યાજી કિશનદાદા દ્વારા આ શ્રીમદ ભાગવત રસામૃતમનો લાભ લેવા માટે તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ આયોજનને લઈને ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ ભરાવવાનું શરૂ

**જાફરાબાદ અને લીલીયા તાલુકા પંચાયત બેઠક માટે ફોર્મ ભરાયા**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં આજથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજથી ફોર્મ ભરવાનું શરૂ થયુ છે.

અમરેલી જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી યોજાવાની છે ત્યારે ફોર્મ ભરવાના પ્રથમ દિવસે જાફરાબાદ તાલુકા પંચાયતમાં બે ફોર્મ ભરાયા હતા જયારે લીલીયા તાલુકા પંચાયતમાં એક ફોર્મ ભરવામાં આવ્યું હતુ. જયારે જિલ્લા પંચાયતની બેઠક માટે બે ફોર્મ ભરાયા હતા. અત્રે નોંધનીય છે કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ છે.




**ડો.રતિદાદા અને મહેશભાઈ મહેતાના માર્ગદર્શનમાં**

# ચલાલાના સંસ્કૃત શક્તિ ગુરુકુળના ૩ બાળકો રાજ્યકક્ષાના એવોર્ડથી સન્માનિત

ચલાલા,તા.૦૬



પ. પૂ. સંત ડૉ.રતિદાદાના અને મહેશભાઈ મહેતાના માર્ગદર્શનમાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત સંસ્કૃત શક્તિ ગુરુકુળના બાળકોએ ભવ્ય સિદ્ધિ હાંસલ કરી સંસ્થા તેમજ ગુરુકુળનું નામ ઉજાગર કર્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે શત સુભાષિત કંઠપાઠની હરીફાઈ યોજાઈ હતી જેમાં આ સંસ્થાના ૩ બાળકોએ રાજ્ય કક્ષાએ નંબર પ્રાપ્ત કર્યો હતો. જે અંતર્ગત રાજભવન,ગાંધીનગર ખાતે રાજ્યસ્તરીય એવોર્ડ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ત્રણ તેજસ્વી વિજેતા બાળકો ૧. હિરવા રામાવત ૨. હેતાંશ રામાવત ૩. તનીષા દવેરાને શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાના હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. દરેક વિજેતા વિદ્યાર્થીને પ્રોત્સાહનરૂપે રૂ.૨૧૦૦૦/-રોકડા આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહેશભાઈ મહેતા,શીતલબેન મહેતા, ગુરુકુળના પ્રાધ્યાપક મિતભાઈ જોષીએ હાજરી રહી બાળકોને બિરદાવ્યા હતા. આ સંસ્કૃત શક્તિ ગુરુકુળમાં ધો- ૬ થી ૧૨ સુધી દીકરા- દીકરીઓને વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. અભ્યાસની સાથે સાથે કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શુટિંગ,ઓપ્ટીકલ તૈયારી જેવી અનેક સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે.




**વડીયાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ. વડીયા.**

ફો.પ.અ.નં :- ૩૦/ ૨૦૨૬

**અરજદારશ્રી:-** યોગીતાબેન વા/ઓ મુકેશભાઈ નાથાભાઈ વસાણી ઉ.વ. ૩૨,
મુળ રહે. જંગર તા. વડીયા, જી. અમરેલી હાલ રહે.૫૧ શુભમ રો
હાઉસ રંગોલી ચોકડીની સામે, મુ. ઉમરા, તા. ઓલપાડ, જી. સુરત

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** જન્મ મરણ રજીસ્ટાર અધિકારીશ્રી વ તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામપંચાયત કચેરી, મોટી કુંકાવાવ, તા. કુંકાવાવ/વડીયા, જી. અમરેલી.

અરજદાર તર્ફે વિ.વ.શ્રી કે.પી. સેજુ

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર યોગીતાબેન વા/ઓ મુકેશભાઈ નાથાભાઈ વસાણી, ઉ.વ. ૩૨, મુળ રહે. જંગર તા. વડીયા, જી. અમરેલી હાલ રહે. ૫૧ શુભમ રો હાઉસ રંગોલી ચોકડીની સામે, મુ. ઉમરા, તા. ઓલપાડ, જી. સુરત વાળાએ બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ - ૧૫ તથા રૂલ -૧૨ અન્વયે તેમના પુત્રી ઉર્વિ ના જન્મના પ્રમાણપત્રમાં કોલમ-૬ માં પિતાનુ નામ ચિરાગભાઈ વિઠલભાઈ ગજેરા ના બદલે સુધારીને પાલક પિતા તરીકે મુકેશભાઈ નાથાભાઈ વસાણી મુજબનો નામમાં સુધારો કરવા તેમજ તેમના પુત્રી ઉર્વિ ના આગળના અભ્યાસ માટે પિતાના નામમાં સુધારો કરવા હાલની અરજી કરેલ હોય અને તેથી અરજદાર ના પુત્રી ઉર્વિ ના જન્મના પ્રમાણપત્રમાં કોલમ-૬ માં પિતાનુ નામ ચિરાગભાઈ વિઠલભાઈ ગજેરાના બદલે સુધારીને પાલક પિતા તરીકે મુકેશભાઈ નાથાભાઈ વસાણી એ મતલબનું જન્મનું પ્રમાણ પત્રમાં પિતા તેમજ અટક માં સુધારો કરાવી આપે તેવો હુકમ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જે અરજીની મુદત તારીખ ૨૦/૦૪/૨૦૨૬ રાખેલ હોય તો જે કોઈ ઈસમોને વાંધો તકરાર હોય તેમણે મુદત તારીખનાં રોજ સવારનાં ૧૦/૩૦ કલાકે અત્રેની જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ.વડીયા કોર્ટમાં જાતે યા માહિતીગાર વકીલ મારફતે હાજર રહેવું અન્યથા આગળની યોગ્ય ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યાં.

તૈયાર કરનાર
(એમ.એલ. ઝાલા )
બેન્ચ કલાર્ક ગ્રેડ III
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ,
વડીયા.

કોર્ટનો સિકકો

અમારા રૂબરૂ,
(વાય. બી. ડોડીયા)
રજીસ્ટ્રાર,
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ.
વડીયા.



ચૂંટણી જીતી શકે તેવા દાવેદારોને સાઈડલાઈન કરવાનો પેંતરો!!!

# બગસરા નગરપાલિકાની ચૂંટણીને લઈ ભાજપમાં નવાજૂનીના એંધાણ

બગસરા,તા.૦૬

બગસરા નગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટણી જીતી શકે તેવા દાવેદારોને સાઈડલાઈન કરવામાં આવતા હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. જેથી આવનારી ચૂંટણીમાં ભાજપ માટે પાલિકા કબજે કરવી મુશ્કેલ દેખાઈ છે. પાર્ટીના અમુક આગેવાનોની નીતિથી સ્થાનિક ભાજપમાં નવાજૂનીના એંધાણ દેખાઈ રહ્યાં છે. બગસરા નગરપાલિકાની ગત ચૂંટણીમાં ભાજપે ૨૦ બેઠકો કબજે કરી સત્તા હાંસલ કરી હતી. જયારે કોંગ્રેસને ફાળે માત્ર ૮ બેઠક જ ગઈ હતી. જો કે આ વખતે નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પણ ઝંપલાવતા ત્રિપાંખીયો જંગ ખેલાશે. ભાજપ કાર્યકરોમાંથી જાણવા મળતી માહિતી મુજબ નગરપાલિકાની ચૂંટણીમાં જીતી શકે તેવા દાવેદારોને સાઈડલાઈન કરવાનો પેંતરો ઘણા દિવસોથી ચાલી રહ્યો છે તો અન્ય પક્ષને ફાયદો કરવાના હેતુથી સક્ષમ દાવેદારોને વોર્ડ બદલવાની ફરજ પાડવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. આશ્ચર્યની વાત તો એ છે કે વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા પાયાના કાર્યકરોની ટિકીટ કાપી અન્ય પક્ષમાંથી આવતા દાવેદારો માટે લાલજાજમ પાથરવામાં આવી રહી છે. બગસરા નગરપાલિકામાં પ્રદેશ ભાજપના આદેશનો જાણે સરેઆમ ઉલાળીયો થતો હોય તેવુ કાર્યકરો રોષ સાથે જણાવી રહ્યાં છે. બગસરા પાલિકા કબજે કરવાને બદલે અમુક આગેવાનો તારો-મારો ઉમેદવાર કરી રહ્યાં છે. જો કે ભાજપની આવી નીતિ રહી અને પક્ષને ઉભો કરવામાં મહેનત કરનાર કાર્યકરોને સાઈડલાઈન કરવામાં આવે તો શહેર ભાજપમાં નવાજૂનીના એંધાણ દેખાઈ રહ્યાં છે.

## પક્ષના કાર્યકરને જ ટિકિટ મળશે : જિલ્લા ભાજપ પ્રમુખ

બગસરા પાલિકામાં પાયાના કાર્યકરને સાઈડલાઈન કરી અન્ય પક્ષમાંથી આવેલા દાવેદારોને ટિકિટ આપવાનાની ચર્ચા વચ્ચે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જણાવ્યું હતું કે, ભાજપમાં પાયાના કાર્યકરને જ ટીકિટ મળશે. અન્ય પક્ષમાંથી આવેલાને ટીકિટ આપવામાં આવશે નહી તેવી સ્પષ્ટતા કરી હતી.

# અમરેલીમાં સ્વ.નરેશભાઈ મહેતાની શ્રધ્ધાંજલિરૂપે રક્તદાન કેમ્પ યોજાયો




અમરેલી,તા.૦૬

અમરેલીના રાજગોર બ્રાહ્મણ અગ્રણી અને ભારતીય જનતા પાર્ટીના નેતા સ્વર્ગસ્થ નરેશભાઈ કેશવભાઈ મહેતાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર શહીદ મનીષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ અને સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્સર અને થેલેસીમિયાથી પીડાતા બાળકોને મદદ કરવાનો હતો. આ સેવાકાર્યમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લઈને રક્તદાન કર્યું હતું. કાર્યક્રમમાં રાજગોર બ્રાહ્મણ સમાજના લોકો ઉપરાંત વિવિધ સમાજના અગ્રણીઓ, સામાજિક સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને રાજકીય આગેવાનોએ ખાસ હાજરી આપીને પ્રેરણા પૂરી પાડી હતી.

# રાજકોટમાં થયેલ ચોરીના ગુનાનાં બે આરોપીઓને રાજુલા પોલીસે પકડી પાડી જેલહવાલે કર્યા

અમરેલી,તા.૦૬

ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને અમરેલી પોલીસ વડા સંજય ખરાતના આદેશ મુજબ મિલકત સંબંધી ગુનાઓ ઉકેલવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સૂચના અન્વયે સાવરકુંડલા ડિવિઝનના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કોલાદરાની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી. ચોક્કસ બાતમીના આધારે પોલીસે રાજુલા ટાઉનમાંથી બે માસથી ફરાર એવા અલ્પેશ કિશોરભાઈ સોલંકી અને રોહિત ધીરુભાઈ



માળી નામના બે શખ્સોને દબોચી લીધા હતા. આ બંને આરોપીઓ રાજકોટ શહેરના માલવીયા નગર અને 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલી ચોરીના ગુનાઓમાં વોન્ટેડ હતા. પોલીસે બંને આરોપીઓની અટકાયત કરીને વધુ તપાસ અર્થે રાજકોટના માલવીયા નગર પોલીસ મથકને સોંપવાની તજવીજ હાથ ધરી છે. પકડાયેલા આરોપી અલ્પેશ સોલંકી સામે અગાઉ કાલાવડ, પાલનપુર અને જૂનાગઢ સહિતના અનેક પોલીસ મથકોમાં પણ ગુનાઓ નોંધાયેલા છે.

# વડીયાના સુરવો ડેમના રીપેરીંગ માટે ઉનાળામાં જ પાણીનો વેડફાટ

વડિયા,તા.૦૬

વડિયા વિસ્તારની જીવાદોરી સમાન સુરવો ડેમ હાલમાં મોટા જથ્થામાં પાણી ભરેલું હોવા છતાં ખાલી કરવામાં આવી રહ્યો છે. ગત વર્ષે મંજૂર થયેલા ડેમ રિપેરિંગના અધૂરા કામને પૂર્ણ કરવા માટે વિભાગની સૂચના મુજબ એક દરવાજો ખોલીને પાણી નદીમાં વહેવડાવાઈ રહ્યું છે. હાલ આ પાણીથી ખેડૂતોને ચોક્કસ ફાયદો થઈ રહ્યો છે, પરંતુ ઉનાળાના અંતમાં ડેમ ખાલી થઈ જવાથી ભૂગર્ભ જળસ્તર નીચા જવાની પૂરી શક્યતા છે. આના કારણે ખેતીના પાકને છેલ્લા પાણીમાં ભારે



મુશ્કેલી પડી શકે છે. ઉપરાંત, વડિયાને પીવાનું પાણી પૂરું પાડતા કુવાના તળ પણ નીચા જતાં સ્થાનિક સ્તરે પીવાના અને ઘરવપરાશના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ શકે છે. જોકે ડેમનું રિપેરિંગ કામ ઝડપથી પૂરું કરીને 'સૌની યોજના' દ્વારા પાણી ભરી શકાય તેમ છે, પરંતુ ઉપરવાસમાં અન્ય ચેકડેમના કામ ચાલુ હોવાથી હાલ તે પાણી પણ છોડી શકાય તેમ નથી. આમ, જો તંત્ર દ્વારા લોકહિતમાં આગોતરું આયોજન કરવામાં નહીં આવે, તો મે મહિનાના મધ્ય ભાગ પછી વડિયામાં ટેન્કર રાજ અને પાણી માટે આકરા સંઘર્ષની સ્થિતિ સર્જાઈ શકે છે.

પોલીસનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ કરવાનો

# ધારીના ઢોલરવા ગામે ચૂંટણીને ધ્યાને લઈ પોલીસની બેઠક યોજાઈ

ધારી ,તા.૦૬

ધારી તાલુકાના ઢોલરવા ગામે પોલીસ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક આગામી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને યોજવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ



અને પારદર્શક રીતે સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવાનો હતો.

બેઠક દરમિયાન ગામમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણીના સમયગાળા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને તમામ મતદારો નિર્ભય બનીને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોલીસ અધિકારીઓ દ્વારા જરૂરી સૂચનાઓ અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે ચલાલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રતન ગઢવી અને તેમનો સમગ્ર પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. તેમણે સ્થાનિક લોકોને કાયદો વ્યવસ્થા જાળવવા અને ચૂંટણી પ્રક્રિયામાં પૂરતો સહકાર આપવા માટે ખાસ અપીલ કરી હતી. આ બેઠકમાં સ્થાનિક ગ્રામજનો અને રાજકીય તેમજ સામાજિક આગેવાનોની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી.

# લાઠી શહેરમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી, કાર્યકરો હાજર રહ્યાં

લાઠી ,તા.૦૬



લાઠી શહેરમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી પૂર્વે શહેર ભાજપ દ્વારા વિશેષ પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે, સંગઠન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જઈને નાગરિકોને આગામી કાર્યક્રમોની વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની અને પક્ષના સનિષ્ઠ કાર્યકરોએ બજારોમાં ફરીને સ્થાનિક દુકાનદારો તેમજ સામાન્ય નાગરિકોને રૂબરૂ મળીને આ પત્રિકાઓ આપી હતી. આ પત્રિકાના માધ્યમથી આવતીકાલે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે લોકોને વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યકરોએ તમામ નાગરિકોને આ રાષ્ટ્રવાદી પર્વમાં સક્રિયપણે જોડાઈને ઉજવણીને સફળ બનાવવા માટે ભાવભરી અપીલ કરી હતી.

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૩૫/૨૦૨૫

શ્રી કીશોરભાઈ મોહનભાઈ માથુકીયા,
રહે.ખારચીયા (વાકુના), તા.ભેંસાણ, જિ.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખારચીયા (વાકુના)
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કીશોરભાઈ મોહનભાઈ માથુકીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ના રોજ ગામ મોજેઃ ખારચીયા (વાકુના), તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ખારચીયા (વાકુના), તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૧૫ મી માહે : ઓકટોબર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

ચાર શખ્સોએ હિચકારો હુમલો કર્યાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ

# ડુંગર ગામે લગ્નમાં ફોટા પાડવા જેવી સામાન્ય બાબતે બબાલ

**સામ-સામી ફરિયાદ થતા પોલીસે તપાસ શરૂ કરી**

રાજુલા, તા.૦૬

રાજુલાના ડુંગર ગામે લગ્ન પ્રસંગમાં ફોટા પાડવા જેવી સામાન્ય બાબતનું મનદુઃખ રાખીને એક ગંભીર હુમલાની ઘટના સામે આવી હતી.

આ બનાવમાં આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી હથિયારો વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સીકન્દરભાઈ યુનુસભાઈ ગાહાએ સાજીદભાઈ દોસુભાઈ ગાહા, ફારુકભાઈ યુસુફભાઈ ગાહા, ફીરોજભાઈ યુસુફભાઈ ગાહા તથા સમદભાઈ દોસુભાઈ ગાહા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના મોટા બાપુના દીકરાના લગ્ન પ્રસંગમાં ફોટા પાડવા બાબતે તેમની અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ વાતનું મનદુઃખ રાખીને આરોપીઓએ હુમલો કર્યો હતો. તેઓ અને સાહેદ મોટરસાયકલ પર જઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ રસ્તામાં તેમને આંતરીને હુમલો કર્યો હતો.હુમલા દરમિયાન અન્ય લોકો વચ્ચે પડી જતાં મામલો વધુ બિચકતા અટક્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને રાજુલા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જે બાદ સાજીદભાઈ દોસમહમદભાઈ ગાહા (ઉ.વ ૨૯) એ સિકંદરભાઈ યુનુસભાઈ ગાહા, દિલશાદભાઈ યુનુસભાઈ ગાહા, શબ્બીરભાઈ મકરાણી તથા ઈન્તીયાઝભાઈ અબાભાઈ ગાહા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીના કાકાના દિકરા તન્વીરભાઈના લગ્ન પ્રસંગમા હાજર હતા અને ફોટા પડાવવા બાબતે માથાકૂટ થઈ હતી.

જે બાદ આરોપીએ લાકડી વડે તેમને પીઠના ભાગે મુઢમાર માર્યો હતો તેમજ જમણા હાથે મુંઢ માર માર્યો હતો. જે બાબતની દાઝ રાખી તેઓ તેમની દુકાને જતા હતા ત્યારે ડુંગર ગામે બસ સ્ટેશન પાસે આરોપીઓએ તેમને શરીરે ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. તેમજ માથાના ભાગે લોખંડનો પાઈપ મારી શરીરે મુંઢ ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એ એ ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

સંકુલ ધો. ૧૧ સાયંસ ડેઈલી JEE-NEET ક્લાસ
સંકુલ ધો. ૧૨ સાયંસ ડેઈલી JEE-NEET ક્લાસ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 03

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

**//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૭/૨૦૨૬

અરજદાર :- શ્રી મનુભાઈ નરશીભાઈ પોકળ,
રહે.રામપરા શેરી નં. ૨ જેસીંગપરા, અમરેલી, તા/જી અમરેલી
વકીલશ્રી પરેશ જી. તળાવીયા

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં મનુભાઈ નરશીભાઈ પોકળ તેમની બહેન સમજુબેન નરસિંહભાઈ પોકળનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

**ધારીના મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં**

જ.મ. અપીલ રજી નં. ૧૧૨/૨૦૨૬ તા.૨૭/૦૩/૨૦૨૬

અરજદાર :- શ્રી મુક્તાબેન વલ્લભભાઈ રફાળીયા
રહે.લાખાપાદર તા. ધારી, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
રહે.લાખાપાદર, તા.ધારી, જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, લાખાપાદર ગામ તાલુકા ધારી અરજદારશ્રી મુક્તાબેન વલ્લભભાઈ રફાળીયાએ તેઓના પુત્ર ચંદુભાઈ વલ્લભભાઈ રફાળીયા જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭નાં રોજ લાખાપાદર ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી

# લીલીયા મોટાના અધિકારી કિશોરભાઈ આચાર્યને બઢતી સાથે બદલી થતાં ભવ્ય વિદાયમાન અપાયું

લીલીયા મોટા,તા.૦૬



લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરીમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા અને સ્થાનિક વતની એવા કિશોરભાઈ આચાર્યને બઢતી સાથે બદલી થતાં સમગ્ર તાલુકા પરિવાર તરફથી ભાવભીનું વિદાયમાન આપવામાં આવ્યું છે.કિશોરભાઈ આચાર્યએ વર્ષ 1988માં જુનિયર ક્લાર્ક તરીકે પોતાની સેવા શરૂ કરી હતી. ત્યારબાદ તેઓ સિનિયર ક્લાર્ક અને 2017થી મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તરીકે સફળતાપૂર્વક કાર્યરત હતા. તેમણે પોતાની આગવી આવડતથી સરકારી યોજનાઓનો લાભ છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડ્યો હતો. હવે તેઓ ફાગવેલ (જી. ખેડા) ખાતે તાલુકા વિકાસ અધિકારી (TDO) તરીકે પ્રમોશન સાથે પદભાર સંભાળશે.આ પ્રસંગે સરપંચ એસોસિએશન અને સ્ટાફ દ્વારા કિશોરભાઈને શાલ તથા મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. આ સાથે જ નવનિયુક્ત તાલુકા વિકાસ અધિકારી ગોહિલનું પણ પુષ્પગુચ્છથી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ સ્ટાફ અને સરપંચો માટે સ્નેહભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ રાજુલા પોલીસે અસલ માલિકને પરત અપાવ્યો રૂ.૬૭,૦૦૦નો મોબાઈલ

રાજુલા,તા.૦૬

અમરેલી જિલ્લાના રાજુલા પોલીસ સ્ટેશને સરાહનીય કામગીરી કરીને એક નાગરિકનો કિંમતી મોબાઈલ શોધી આપી પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જિલ્લામાં મિલકત ગુમ થવાના બનાવોમાં ઝડપી કાર્યવાહી કરવા અને 'તેરા તુજકો અર્પણ'કાર્યક્રમ અંતર્ગત આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. વિગત મુજબ, અરજદાર રિયાજભાઈ રજાકભાઈ કાબરીયા (રહે. રાજુલા) નો રૂ.૬૭,૦૦૦ની કિંમતનો 'VIVO X300' મોબાઈલ ફોન હિંડોરણા ગામે ખેતલાઆપા ટી સ્ટોલ પાસે પડી ગયો હતો. ઘણી શોધખોળ બાદ પણ તે ન મળતા તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો. રાજુલા હિંડોરણા બીટના સ્ટાફે ટેકનોલોજી અને હ્યુમન સોર્સ (માનવીય પ્રયાસો) તેમજ CEIR પોર્ટલની મદદથી આ કિંમતી ફોન શોધી કાઢ્યો હતો. ત્યારબાદ અરજદારને રૂબરૂ બોલાવી ખાતરી કરીને તેમનો ફોન પરત સોંપવામાં આવ્યો હતો.?




# અમરેલી જિલ્લામાં ત્રણ જુદી જુદી જગ્યાએથી દારૂની બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ સ્થળેથી વિદેશી દારૂ ઝડપ્યો હતો. બગસરા-જુનાગઢ હાઈવે પાસે આવેલ જે.કે.ઓઈલ મીલ પાસે રોડ ઉપરથી અમરેલી એલસીબી ટીમે રહીમભાઈ આમદભાઈ સૈયદને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૬ બોટલ સાથે ઝડપી પાડ્યો હતો.તેણે આ જથ્થો બગસરાના અક્ષયરાજભાઈ બટુકભાઈ ધાધલ પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. સાવરકુંડલામાં નેસડી રોડ પીકઅપ બસ્ટેશન પાસેથી પ્રતિકભાઈ ઉર્ફે મોરલી કાળુભાઈ આંબલીયા (ઉ.વ.૩૫) વિવિધ બ્રાંડની ૧૧ બોટલ સાથે ઝડપાયો હતો. સાવરકુંડલા ખાટકીવાસની સામેથી એક યુવક ત્રણ બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે ત્રણેય સ્થળેથી મળીને ૩૮૯૯ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ચાર મહિલા સહિત ૧૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં નશામાં ચૂર થઈને ફરતાં ૯ ઈસમો પકડાયા હતા.

# રાજુલાના ખાંભલીયા ખેડૂતે બેન્કમાંથી વધારાની મળેલી રકમ પરત કરી

રાજુલા,તા.૦૬

રાજુલા તાલુકાના ખાંભલીયા ગામના એક ખેડૂતે સમાજ માટે પ્રેરણાદાયી દાખલો પૂરો પાડ્યો છે. ખાંભલીયા ગામના નિવાસી ગોવિંદભાઈ ડાયાભાઈ પરમાર રાજુલા ખાતે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કૃષિ શાખામાં પોતાના રૂ.૬૦,૦૦૦ ઉપાડવા માટે ગયા હતા. પરંતુ બેંકના કર્મચારીની ક્ષતિના કારણે તેમને ભૂલથી કુલ રૂ.૧,૧૦,૦૦૦ આપવામાં આવ્યા હતા, એટલે કે રૂ.૫૦,૦૦૦ જેટલી મોટી રકમ વધુ મળી ગઈ હતી. અભણ ખેડૂત હોવા છતાં ગોવિંદભાઈએ આ રકમ સાચી હોવાનું માનીને પોતાના ઘરે લઈ ગયા હતા. બાદમાં ત્રણ દિવસ પછી બેંકના સત્તાધીશોને આ મોટી ભૂલની જાણ થઈ ત્યારે તેમણે તુરંત આ ખેડૂતનો સંપર્ક સાધ્યો હતો. તે જ સમયે ગોવિંદભાઈએ સાચું બોલીને જણાવ્યું કે આ રકમ સુરક્ષિત રીતે તેમના ઘરે જ પડેલી છે. આ પછી ગોવિંદભાઈના પુત્ર હરેશભાઈ, ગામના સરપંચ પ્રતિનિધિ જનકભાઈ લાખણોત્રા અને અન્ય મિત્રો સાથે બેંકમાં જઈને આ વધારાના રૂ.૫૦,૦૦૦ પરત સોંપ્યા હતા. ખેડૂત પરિવારની આવી અદ્ભુત પ્રામાણિકતા જોઈને બેંકના મેનેજર સહિત સમગ્ર સ્ટાફે તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



# અમરેલીની સગીરાને બદકામના ઈરાદે યુપીનો યુવક ભગાડી ગયો

અમરેલી, તા.૦૬

અમરેલીમાં રહેતી એક સગીરાને બદકામના ઈરાદે ઉત્તર પ્રદેશનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના માતાએ ઉત્તર પ્રદેશના -સાહોપાર ખાસ, સીસવા, દેવરીયાના ગિર્જેશકુમાર ઉર્ફે હિમાંશુ ઉમેશ યાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીરવયની દિકરીને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો.

# જિલ્લામાં નશામાં ઝૂમતા છ ઝડપાયા

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ધૂત થઈને ફરતા છ ઈસમોને ઝડપી પાડ્યા હતા. અમરેલીમાંથી બે, નિંગાળા, ડુંગર, ઈસુબગઢ, રાજુલામાંથી એક-એક શરાબી પકડાયા હતા. જ્યારે અમરેલી, ચલાલા, જાફરાબાદ, દામનગર, રાભડા, લીલીયામાંથી છ લોકો પાસેથી ૧૩ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

# સાવરકુંડલામાં જાહેરમાં નસીબ અજમાવતા પાંચ જુગારીઓ ઝડપાયા

સાવરકુંડલા, તા.૦૬

અમરેલી જિલ્લામાં જુગારની પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. સાવરકુંડલા શહેરમાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે બાતમીના આધારે રેઈડ પાડી મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. સાવરકુંડલામાં કેટલાક ઈસમો જાહેરમાં એકઠા થઈ જુગાર રમી રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતી રેઈડ કરતા ચંપુભાઈ કથુભાઈ સાંડસુર, જયરાજભાઈ ભનુભાઈ વીંછીયા, યોગેશભાઈ પ્રવિણભાઈ ખુમાણ, વનરાજભાઈ મનુભાઈ ચાંદુ તથા સુરેશભાઈ ભીમભાઈ માંજરીયા ગંજીપત્તાના પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે રોકડ રકમઃ રૂ. ૪૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જાહેરમાં જુગાર રમી રહેલા આ શખ્સોને પકડી પાડી પોલીસે અસમાજિક પ્રવૃત્તિઓ કરનારા તત્વોમાં ફફડાટ ફેલાવ્યો હતો. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે, આગામી સમયમાં પણ આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

# ધારીના ભાડેર ગામે ખેડૂતના ઘરમાં ઘુસેલા અજગરનું રેસક્યૂ

ધારી,તા.૦૬



ધારી તાલુકાના ભાડેર ગામમાં એક ખેડૂતના રહેણાંક મકાનમાં અચાનક એક મહાકાય અજગર ઘૂસી આવ્યો હતો. આ ભયાનક ઘટનાના કારણે પરિવાર અને સ્થાનિક ગ્રામજનોમાં ભારે ડરનો માહોલ સર્જાયો હતો. ગામલોકોએ તાત્કાલિક સ્થાનિક રમેશભાઈનો સંપર્ક સાધ્યો હતો. તેઓ કોઈપણ વિલંબ વિના તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે ભારે જહેમત ઉઠાવીને અજગરને અત્યંત સુરક્ષિત રીતે પકડી પાડ્યો હતો. ત્યારબાદ અજગરને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે રીતે ધારીના ગાઢ જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

# ચિતલના સોશિયલ એક્ટિવિસ્ટને બદનામ કરવાનું કાવતરુ

અમરેલી, તા.૦૬

અમરેલીના ચિતલ ગામે સોશિયલ મીડિયાના દુરુપયોગ દ્વારા એક સામાજિક કાર્યકરની પ્રતિષ્ઠા ખરડવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. એક શખ્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નકલી આઈડી બનાવી સામાજિક કાર્યકર વિરુધ્ધ અભદ્ર ટિપ્પણીઓ કરી તેમની કારકિર્દીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે નરેશભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.૩૭) એ ભરત કાતરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત અનુસાર, ચિતલ ગામના એક જાગૃત સામાજિક કાર્યકરને નિશાન બનાવી આરોપીએ સોશિયલ મીડિયાની અલગ-અલગ એપ્લિકેશન પર ખોટા આઈડી બનાવ્યા હતા. આ ફેક આઈડીના માધ્યમથી આરોપીએ તેની વિરુધ્ધ પાયાવિહોણા આક્ષેપો કરી, બેફામ ગાળો બોલી અને તેમના ચરિત્રને અત્યંત ખરાબ રીતે ચિતરવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ સોશિયલ મીડિયા પર તેમના ચરિત્ર વિશે ગંભીર અને વાંધાજનક લખાણો પોસ્ટ કર્યા હતા. ઉપરાંત તેમના જ સમાજના અન્ય વ્યક્તિઓ સાથે અણબનાવ થાય અને સામાજિક અંતર વધે તેવું કૃત્ય જાણીજોઈને કરવામાં આવ્યું હતું. એક સોશિયલ એક્ટિવિસ્ટ હોવાથી તેમના ફોલોવર્સ તેમને અવગણવાનું શરૂ કરે અને તેમની સોશિયલ મીડિયાની આવક તથા સામાજિક કારકિર્દી પર માઠી અસર પડે તેવો આરોપીનો બદઈરાદો હતો. આરોપીએ તેમની વર્ષોની મહેનતથી ઉભી કરેલી સામાજિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી બદનક્ષી કરી હોવાનું સામે આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પાંચમ
તા.૦૭-૦૪-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૩૦,
સૂર્યાસ્ત-૦૬:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જયેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૪-૨૦૨૬ મંગળવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. બપોરથી સાંજ સુધીમાં થોડી સમસ્યા આવી શકે છે, સાવચેત રહો.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# વડીયાના સુર્યપ્રતાપગઢ ગામે મહિલાઓએ શ્રીફળમાં કીડીયારૂ પુરી સેવાકાર્યો કર્યા

અમરેલી,તા.૦૬



વડીયા તાલુકાના સૂર્યપ્રતાપગઢ ગામે જીવદયાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડયું છે. ગામની જાગૃત મહિલાઓએ એકત્રિત થઈને મૂંગા જીવો પ્રત્યે અપાર સંવેદના દાખવી છે. આ ભગીરથ કાર્ય અંતર્ગત ૧,૧૧૧ શ્રીફળમાં કીડીયારું પૂરવા સહિત ૨૫૧ ચકલીઘરના વિતરણનું પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવ્યું છે. આ સેવાકીય પ્રવૃત્તિ દરમિયાન સમગ્ર ગામમાં કોઈ મોટા ઉત્સવ જેવો ભવ્ય અને પવિત્ર માહોલ જોવા મળ્યો હતો. આ સેવા યજ્ઞ માટે મહિલાઓએ સતત પાંચ દિવસ સુધી ભારે પરિશ્રમ કર્યો હતો. જેમાં કુલ ૧,૧૧૧ શ્રીફળોને ડ્રિલ મશીન વડે ખૂબ જ ચોકસાઈપૂર્વક કાણાં પાડીને તૈયાર કરવામાં આવ્યા હતા. કીડીઓના પૌષ્ટિક આહારને ધ્યાનમાં રાખીને આ તમામ શ્રીફળોમાં લોટ, ગોળ, ખાંડ અને તેલનું ખાસ મિશ્રણ બનાવીને ભરવામાં આવ્યું હતું.

# અમરેલી શહેરની બંસીધર પ્રા.શાળાના ધો.૮ના વિદ્યાર્થીની લેખન સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૬



બંસીધર પ્રાથમિક શાળામાં ધોરણ આઠના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી લેખન વિભાગની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ વિદ્યાર્થીઓ ડેર ધર્મય ભરતભાઈ, બાવળીયા અંજલી વસંતભાઈ અને બુટાણી માનસી નિલેશભાઈને શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને બંસીધર વિદ્યાલયના આચાર્ય પી. કે. વસરા, પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષાબેન બોદર તેમજ શાળાના શિક્ષક ભરતભાઈ મકવાણાના વરદહસ્તે સન્માનિત કરાયા હતા.

# રાજુલામાં પેપર ચેકિંગ માટે ગયેલા પત્નીની ગેરહાજરીમાં પતિ રહસ્યમય રીતે ગુમ

રાજુલા, તા.૦૬

રાજુલા શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં પત્ની પેપર ચેકિંગની કામગીરી અર્થે ધારી ગયા હતા, તે દરમિયાન પાછળથી તેમના પતિ કોઈને કંઈપણ કહ્યા વગર ઘરેથી ગુમ થઈ જતાં પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. આ અંગે મૂળ જામજોધપુરના વેરાડ ગામના અને હાલ રાજુલામાં રહેતા સુમીતાબેન વિજયકુમાર જોટગીંયાએ જાહેર કર્યા મુજબ, તેઓ શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા છે. હાલમાં ચાલી રહેલી પરીક્ષાઓના પેપર ચેકિંગની કામગીરી અર્થે ધારી મુકામે ગયેલા હતા. આ સમય દરમિયાન તેમના પતિ રાજુલા સ્થિત ઘરે એકલા હતા. ૦૩/૦૪/૨૦૨૬ના સવારના આશરે દસ વાગ્યાની આસપાસ પત્નીએ ધારીથી તેમના પતિ સાથે ફોન પર વાતચીત કરી હતી. આ વાતચીત થયા બાદ, પતિ ઘરેથી અચાનક કોઈને પણ કંઈપણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. પતિ પોતાનો મોબાઈલ ફોન પણ ઘરે જ મૂકી ગયા હતા, જેના કારણે તેમનો સંપર્ક કરવો અશક્ય બન્યો છે. જોકે, ક્યાંય પત્તો ન લાગતા આખરે આ અંગે રાજુલા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી.

# કેરીયા-હરસુરપુર રોડ મોટરસાયકલ આડે રોઝડું ઉતરતા અકસ્માતમાં ચાલકનું મોત

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લાના ગ્રામ્ય પંથકમાં વન્ય પ્રાણીઓ રસ્તા પર ઉતરી આવવાના કારણે સર્જાતા અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે.

કેરીયા- હરસુરપુરથી દેવળીયા જતાં માર્ગ પર મોટરસાયકલ આડે અચાનક રોઝડું (નીલગાય) ઉતરતા સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. લાઠીમાં રહેતા નિલેશભાઈ ભરતભાઈ ગાંભવા (ઉ.વ.૨૯) એ જાહેર કર્યા મુજબ, ભરતભાઈ બટુકભાઈ ગાંભવા (ઉ.વ.૫૮) કેરીયા- હરસુરપુરથી દેવળીયા રોડ પરથી પોતાનું મોટરસાયકલ લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક રસ્તા પર એકાએક રોઝડું આડું ઉતરતા ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. મોટરસાયકલ રોઝડા સાથે અથડાતા ચાલક જોરદાર વેગ સાથે રોડ પર પટકાયા હતા. મોટરસાયકલ પરથી રોડ પર પટકાતા ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેના કારણે તેમનું મોત થયું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે એન ગેરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# રાષ્ટ્રના વિકાસનો આધાર સ્તંભ : વસ્તી ગણતરી

રાષ્ટ્રના વિકાસના મીઠા ફળો ગરીબ અને મધ્યમ વર્ગ સુધી પહોંચ્યા છે કે નહીં તે જાણવા માટેનો એકમાત્ર રસ્તો વસ્તી ગણતરી છે વસ્તી ગણતરી માત્ર પ્રજાના માથા ગણવાની ગણતરી નથી પરંતુ દરેક વ્યક્તિની તમામ માહિતી પણ સાથે એકત્ર કરવામાં આવે છે આમ રાષ્ટ્રની વસ્તી ગણતરી રાષ્ટ્રના વિકાસનો એક આયામ બની જશે. ભારત માટે વસ્તી ગણતરી માત્ર આંકડાઓ એકત્ર કરવાની પ્રક્રિયા નથી, પરંતુ દેશની હાલત, વિકાસ અને અસમાનતાનો અરીસો છે. આ વસ્તી ગણતરી એ દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે. લગભગ દાયકાના વિલંબ બાદ આવતી આ ગણતરી એ માત્ર સંખ્યાઓનો જ નહીં, પરંતુ દેશના સામાજિક અને આર્થિક પરિવર્તનોનો વ્યાપક અહેવાલ આપશે. સ્વતંત્ર ભારતની પ્રથમ વસ્તી ગણતરી ૧૯૫૧માં થઈ હતી, ત્યારે દેશે વસાહતી શાસનમાંથી બહાર આવી પોતાની સ્થિતિને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. તે સમયે એક કડવી હકીકત સામે આવી હતી કે મોટા ભાગના લોકો અશિક્ષિત હતા. આજે, લગભગ સાત દાયકાઓ બાદ, દેશે અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. પરંતુ શું આ વિકાસ સર્વ સમાવેશી રહ્યો છે? આ સવાલનો જવાબ વસ્તી ગણતરી આપશે. ૨૦૧૧ પછી ભારતે ઝડપથી બદલાવનો અનુભવ કર્યો છે. સ્માર્ટફોન અને ઈન્ટરનેટનો વ્યાપ વધ્યો છે," જેવી ડિજિટલ ચુકવણી વ્યવસ્થા સામાન્ય બની ગઈ છે, શહેરોમાં વસ્તીનો વધારો થયો છે અને કલ્યાણકારી યોજનાઓ વધુ ડિજિટલ બની છે. આ બધું મળીને ભારતને એક નવી દિશામાં લઈ ગયું છે. પરંતુ આ વિકાસ દરેક સુધી પહોંચ્યો છે કે નહીં, તે જાણવા માટે તાજા અને વિશ્વસનીય ડેટાની જરૂર છે. આ વસ્તી ગણતરી દેશના નીતિ-નિર્માણ માટે આધારસ્તંભ બનશે. સીમાંકન, કલ્યાણ યોજનાઓનું લક્ષ્યાંકન, શહેરી આયોજન અને નાણાકીય વહેંચણી જેવા મહત્વપૂર્ણ નિર્ણયો આ ડેટા પર આધારિત રહેશે. હાલમાં સરકાર અને સંશોધકો ૨૦૧૧ના જૂના આંકડાઓ પર આધાર રાખીને નિર્ણય લે છે, જે આજના સમય માટે પૂરતા નથી. એટલે આ નવી ગણતરી દેશને "આંખો" આપશે. આ વસ્તી ગણતરીનો એક મહત્વપૂર્ણ પાસો એ છે કે તેમાં પહેલીવાર વ્યાપક જાતિ ગણતરીનો સમાવેશ થશે. અત્યાર સુધી માત્ર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે જ માહિતી એકત્રિત થતી હતી. હવે અન્ય જાતિઓ અંગે પણ સ્પષ્ટ માહિતી મળશે, જે સામાજિક ન્યાય અને કલ્યાણકારી યોજનાઓ માટે ઉપયોગી બની શકે છે. જોકે, આ સાથે રાજકીય ચર્ચાઓ અને વિવાદો પણ વધવાની શક્યતા છે. આ વિશાળ અભિયાન માટે લાખો અધિકારીઓને જોડવામાં આવ્યા છે અને હજારો કરોડ રૂપિયાનો ખર્ચ થશે. ઘર-યાદી અને ગૃહ ગણતરી ૨૦૨૬માં થશે અને મુખ્ય વસ્તી ગણતરી ૨૦૨૭માં પૂર્ણ થશે. ખાસ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા વિસ્તારોમાં આ પ્રક્રિયા અલગ સમયગાળા દરમિયાન હાથ ધરાશે. ડેટાની સુરક્ષા માટે આધુનિક ડિજિટલ પ્રોટોકોલ અપનાવવામાં આવશે, જેથી લોકોની વ્યક્તિગત માહિતી સુરક્ષિત રહે. ૨૦૧૧ની વસ્તી ગણતરીએ ભારતની વધતી મહત્વાકાંક્ષા દર્શાવી હતી. લોકોની જીવનશૈલીમાં સુધારો થયો હતો. સાયકલથી ટુ-વ્હીલર અને ત્યાંથી કાર સુધીનો સફર વિકાસનું પ્રતિક બની ગયો હતો. પરંતુ ૨૦૨૭ની વસ્તી ગણતરી વધુ ગહન પ્રશનો પૂછશે. શું આ મહત્વાકાંક્ષા હકીકતમાં સ્થિર વિકાસમાં ફેરવાઈ છે? શું લોકોની આવક અને જીવનસ્તર વાસ્તવમાં સુધર્યા છે? છેલ્લા ૧૫ વર્ષોમાં ભારતે ડિજિટલ, આર્થિક અને માળખાકીય ક્ષેત્રોમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે.

# હોર્મુઝ નાકાબંધી અને સુએઝ કટોકટી : ઇતિહાસના પડઘા અને આજનો સંદેશ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



વિશ્વના નકશા પર કેટલીક જળસંધિઓ અને નહેરો એવી છે જે માત્ર ભૌગોલિક માર્ગ નથી, પરંતુ વૈશ્વિક અર્થતંત્રની ધમનીઓ સમાન છે. જ્યારે આ માર્ગોમાં અવરોધ ઊભો થાય છે, ત્યારે તેની અસર માત્ર આસપાસના દેશો પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ આખી દુનિયા તેના આંચકા અનુભવે છે. આજની હોર્મુઝ જળસંધિની તણાવપૂર્ણ પરિસ્થિતિ આપણને ૧૯૫૬ની સુએઝ કટોકટીની યાદ અપાવે છે. એક એવી ઐતિહાસિક ઘટના, જેણે વૈશ્વિક રાજકારણ, અર્થતંત્ર અને શક્તિના સંતુલનને મૂળથી હચમચાવી દીધું હતું.

હોર્મુઝ જળસંધિ, જ્યાંથી વિશ્વના મોટા ભાગનું તેલ પરિવહન થાય છે, આજે ભૂરાજકીય તણાવનું કેન્દ્ર બની છે. આ માર્ગમાં થતી નાકાબંધી અથવા અવરોધની ધમકીથી જ આંતરરાષ્ટ્રીય બજારોમાં અશાંતિ ફેલાઈ જાય છે.

તેલના ભાવમાં વધારો થાય છે, શિપિંગ ખર્ચ વધી જાય છે અને વેપાર વ્યવસ્થાઓમાં અનિશ્ચિતતા પેદા થાય છે. આવી પરિસ્થિતિમાં વિશ્વ સમુદાય ચિંતિત બની જાય છે કે આ તણાવ ક્યાંક મોટા સંઘર્ષમાં પરિવર્તિત ન થઈ જાય. આજની આ સ્થિતિ ઘણી રીતે ૧૯૫૬ની સુએઝ કટોકટી સાથે સરખામણી પામે છે. તે સમયે સુએઝ નહેર યુરોપ અને એશિયા વચ્ચેનો સૌથી ટૂંકો અને મહત્વપૂર્ણ વેપાર માર્ગ હતો. ઈજિપ્તના રાષ્ટ્રપતિ ગમાલ અબ્દેલ નાસેર દ્વારા નહેરનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું, જેનાથી બ્રિટન અને ફ્રાન્સ જેવા પશ્ચિમી દેશોના આર્થિક અને રાજકીય હિતોને મોટો ઝટકો લાગ્યો. આ નિર્ણય માત્ર એક આર્થિક પગલું નહોતું, પરંતુ સ્વાભિમાન અને સ્વતંત્રતાનો ઘોષણાપત્ર પણ હતું.

નાસેરના આ નિર્ણય પછી પરિસ્થિતિ ઝડપથી તણાવપૂર્ણ બની ગઈ. ઈઝરાયલે સિનાઈ વિસ્તારમાં સૈનિક કાર્યવાહી શરૂ કરી, જ્યારે બ્રિટન અને ફ્રાન્સે હવાઈ હુમલાઓ અને નૌકાદળ દ્વારા ઈજિપ્ત પર દબાણ વધાર્યું. આ સંયુક્ત કાર્યવાહીનો હેતુ નહેર પર ફરી નિયંત્રણ મેળવવાનો હતો. પરંતુ આ સૈનિક અભિયાનનો એક મોટુ પરિણામ એ આવ્યુ કે સુએઝ નહેરમાં જહાજો ડૂબી ગયા અને સમગ્ર શિપિંગ વ્યવસ્થા ખોરવાઈ ગઈ. વિશ્વના વેપાર માટે આ એક મોટો આંચકો સાબિત થયો. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે પ્રતિક્રિયા પેદા કરી. તે સમયના અમેરિકાના રાષ્ટ્રપતિ ડ્વાઈટ ડી આઈઝનહોવરે આ સંઘર્ષમાં શાંતિ સ્થાપિત કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. રસપ્રદ વાત એ છે કે બ્રિટન અને ફ્રાન્સ જેવા પરંપરાગત સાથી દેશો સામે જઈને અમેરિકાએ રાજદ્વારી ઉકેલની તરફેણ કરી. સોવિયેત યુનિયન પણ આ મુદ્દે સક્રિય બન્યું અને બંને મહાશક્તિઓએ યુનાઈટેડ નેશન્સમાં યુધ્ધવિરામ માટે દબાણ કર્યું.

યુએન જનરલ એસેમ્બલીમાં પસાર થયેલા ઠરાવો અને આંતરરાષ્ટ્રીય દબાણના પરિણામે આખરે બ્રિટન, ફ્રાન્સ અને ઈઝરાયલને તેમની સૈનિક કાર્યવાહી પાછી ખેંચવી પડી. યુએન શાંતિરક્ષક દળોની દેખરેખ હેઠળ પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ અને થોડા મહિનાઓ બાદ સુએઝ નહેર ફરી શિપિંગ માટે ખૂલી. આ ઘટનાએ વિશ્વને એક મહત્વપૂર્ણ પાઠ શીખવ્યો કે વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા માર્ગો પર સંઘર્ષનો ઉકેલ સૈનિક શક્તિથી નહીં પરંતુ રાજદ્વારી અને સહકારથી જ શક્ય બને છે. આજની હોર્મુઝ જળસંધિની પરિસ્થિતિ પણ એ જ પ્રકારના પ્રશ્નો ઉભા કરે છે. જ્યારે કોઈ દેશ આ મહત્વપૂર્ણ માર્ગને અવરોધિત કરવાની ધમકી આપે છે અથવા તેના પર નિયંત્રણ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તે માત્ર પ્રાદેશિક મુદ્દો નથી રહેતો. તે વૈશ્વિક ઉર્જા પુરવઠા, વેપાર અને રાજકીય સ્થિરતાને અસર કરે છે. તેલ અને ગેસના પરિવહન માટે હોર્મુઝનું મહત્વ એટલું વિશાળ છે કે અહીંનો નાનો તણાવ પણ વિશ્વભરના બજારોમાં મોટો પ્રભાવ પેદા કરી શકે છે.

સુએઝ અને હોર્મુઝ વચ્ચેનો એક મહત્વપૂર્ણ તફાવત એ છે કે આજે વિશ્વ વધુ પરસ્પર નિર્ભર બની ગયું છે. વૈશ્વિકીકરણના યુગમાં કોઈપણ એક માર્ગમાં અવરોધ સમગ્ર પુરવઠા સાંકળને અસર કરે છે. તેથી આજના સમયમાં આવી પરિસ્થિતિઓ વધુ ઝડપથી અને વધુ વ્યાપક અસર પેદા કરે છે. તેમ છતાં, એક સમાનતા એ છે કે બંને પરિસ્થિતિઓમાં આંતરરાષ્ટ્રીય સહકાર અને રાજદ્વારી પ્રયત્નો જ અંતે ઉકેલ તરફ દોરી શકે છે. આવી ઘટનાઓ એ પણ દર્શાવે છે કે ઊર્જા માર્ગો અને વેપાર માર્ગો માત્ર આર્થિક સાધનો નથી, પરંતુ રાજકીય દબાણ અને શક્તિ પ્રદર્શનના સાધનો પણ બની શકે છે. જે દેશો આ માર્ગો પર નિયંત્રણ ધરાવે છે, તેઓ વૈશ્વિક રાજકારણમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવી શકે છે.

પરંતુ આ શક્તિ સાથે જવાબદારી પણ જોડાયેલી છે, કારણ કે આવા માર્ગોમાં અવરોધ આખી દુનિયા માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

અંતમાં, હોર્મુઝ જળસંધિની આજની પરિસ્થિતિ અને સુએઝ કટોકટીનો ઈતિહાસ આપણને એક જ સંદેશ આપે છે. વિશ્વના મહત્વપૂર્ણ માર્ગોમાં સંઘર્ષ માત્ર સ્થાનિક મુદ્દો નથી રહેતો. તે વૈશ્વિક ચિંતાનો વિષય બની જાય છે. ઈતિહાસ સાક્ષી છે કે આવા સંકટોનો અંત સૈનિક ટકરાવથી નહીં પરંતુ સંવાદ, સહકાર અને સમજણથી જ આવે છે. આજના સમયમાં પણ આ જ માર્ગ અપનાવવામાં આવશે તો જ વૈશ્વિક સ્થિરતા જાળવી શકાય અને અર્થતંત્રને મોટા આંચકાથી બચાવી શકાય.

**એક સમયે સુએજ કેનાલ બંધ કરવામાં આવી હતી અને વિશ્વ આખાના દરિયાઇ વ્યાપાર પર તેની ગંભીર અસર પડી હતી. આ ઇતિહાસ આજે પુનરાવર્તન પામે છે સુએજ નહેરના સ્થાને આજે હોર્મોઝ છે. પરંતુ આ વખતની કટોકટી ભયાનક યુધ્ધમાં રૂપાંતર પામેલી છે ભૂતકાળની યાદ કરીએ અને એ ભૂલોને ફરી વખત પુનરાવર્તન ન કરીએ તેમાં સૌનું કલ્યાણ છે.**

## શબ્દ સંજોગ-૨૧૭૫



**આડી ચાવી :**
(૧)ગાંધીજીનું અમદાવાદ સ્થિત નિવાસસ્થાન (૫)
(૭) ભક્તિગીત (આ-અ) (૩)
(૮) શાહીનો ખડિયો (૩)
(૯) યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૧) સેવવુ તે, લેવુ તે (૩)
(૧૨) ભારતનું એક રાજય (૨)
(૧૩) મરાયેલુ, ઘવાયેલુ (૨)
(૧૬) પેટનુ પડખુ (૨)
(૧૭) એક શુભ-મંગળ પ્રતિક (૩)
(૧૮) પાઠ, ધડો (૩)
(૨૦) વૃધ્ધાવસ્થા (૨)
(૨૨) એક રમત (૧)
(૨૩) ચાલો જલારામ બાપાના દર્શને (૪)
(૨૫) સીતાજીના પિતાજી (૩)
(૨૬) પાઠ, ધડો (૩)
(૨૭) ફાનસ હિંદીમાં (૨)
(૨૮) જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
(૨૯) એક ચોઘડિયુ (૨)
(૩૦) લગ્ન સંબંધથી જોડાયેલુ (૨)

**ઉભી ચાવી :**
(૧) જીગર, હૈયુ (૩)
(૨) પૂજન (૩)
(૩) એક રાશિ (૨)
(૪) ....એજ પ્રભુ સેવા (૪)
(૫) લડાઈનો રથ (૩)
(૬) સીવેલુ, જોડી દીધેલુ (૨)
(૧૦) એક અટક (૨)
(૧૨) ગોખલો, ગવાક્ષ (૨)
(૧૩) પાંડવોની રાજધાની (૫)
(૧૪) આ કોઈની રાહ જોતી નથી (૨)
(૧૫) એક અટક (૨)
(૧૬) કૂકડી (૨)
(૧૯) શરીર, ડિલ (૩)
(૨૧) યોગનું એક આસન (આ-અ) (૪)
(૨૪) જીભ (૩)
(૨૫) જીદ, હઠ (૨)
(૨૬) ચંદ્રનો સોળમો ભાગ (૨)

## શબ્દ સંજોગ-૨૧૭૪ જવાબ

**આડી ચાવી** : (૧) દાંડી (૨) વેચાણ (૪) આંક (૬) વિગત (૭) માખણ (૮) યોજના (૧૦) કડવો (૧૪) જયોત (૧૫) ધાવર (૧૭) કોર (૨૦) ટી (૨૧) ષડાનન (૨૫) કોબી (૨૬) સબક (૨૭) સણકો (૨૮) દાબ (૨૯) મતા. **ઉભી ચાવી** : (૧) દાંતિયો (૨) વેગ (૩) ચાતક (૪) આંખ (૫) કણક (૬) વિના (૭) માવો (૯) જપત (૧૧) ડકાર (૧૨) શ્લાઘા (૧૩) ઠેકો (૧૪) જયોતિષ (૧૬) વસ્તુ (૧૮) રકાબી (૧૯) ધ્યાન (૨૨) ડાકણ (૨૩) નદ (૨૪) કસબ (૨૫) કોકમ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૦૫ | ૧૮૩૫ |
| ઘઉં લોકવન | ૪૨૩ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૨૫ |
| જુવાર સફેદ | ૮૪૬ | ૯૭૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૫૭૦ |
| ચણા પીળા | ૯૧૧ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૮૧૧ |
| અડદ | ૧૦૧૦ | ૧૭૨૦ |
| મગ | ૧૦૦૦ | ૨૦૩૦ |
| વાલ દેશી | ૧૦૨૦ | ૧૩૭૬ |
| ચોળી | ૯૨૧ | ૯૯૯ |
| વટાણા | ૭૫૦ | ૧૨૧૫ |
| રાજમા | ૧૦૫૦ | ૧૮૫૦ |
| સીંગદાણા | ૧૮૪૮ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૩૮૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૪૨૦ | ૧૬૫૪ |
| તલી | ૧૮૫૦ | ૨૩૩૦ |
| સુરજમુખી | ૧૧૦૭ | ૧૬૨૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| અજમો | ૧૦૫૦ | ૨૫૦૧ |
| સુવા | ૯૦૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૭૦ |
| સીંગફાડા | ૧૩૬૦ | ૧૯૬૪ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૭૮૦ | ૧૮૧૫ |
| ધાણા | ૨૪૦૦ | ૨૬૫૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૭૦૦૦ |
| ધાણી | ૨૪૭૫ | ૨૯૫૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૩૦૦ |
| રાય | ૧૧૩૦ | ૧૪૭૦ |
| મેથી | ૧૧૯૦ | ૧૬૯૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૧૦૨૫ | ૧૧૪૫ |
| કલોંજી | ૨૨૫૦ | ૩૦૪૮ |
| રાયડો | ૧૦૮૦ | ૧૨૮૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૨૬ | ૭૫૭ |
| લીંબુ | ૧૩૪૮ | ૨૭૨૯ |
| સાકરટેટી | ૧૧૨ | ૨૯૮ |
| તરબુચ | ૧૫૨ | ૩૦૦ |
| પપૈયા | ૫૧ | ૧૦૪ |
| બટેટા | ૯૬ | ૨૫૭ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૫૫ |
| ટમેટા | ૧૫૪ | ૩૦૬ |
| સુરણ | ૮૧૭ | ૧૦૨૮ |
| કોથમરી | ૧૩૯ | ૨૬૧ |
| સકરીયા | ૨૦૨ | ૪૧૧ |
| મુળા | ૪૦૯ | ૬૩૧ |
| રીંગણા | ૧૪૩ | ૨૮૮ |
| કોબીજ | ૬૪ | ૧૨૨ |
| ફ્લાવર | ૨૫૮ | ૪૧૨ |
| ભીંડો | ૫૮૪ | ૭૯૩ |
| ગુવાર | ૬૧૦ | ૯૮૭ |
| ચોળાસીંગ | ૪૫૩ | ૭૦૭ |
| વાલોળ | ૬૫૮ | ૮૭૯ |
| ટીંડોળા | ૪૨૬ | ૮૦૯ |
| દુધી | ૧૮૪ | ૨૭૭ |
| કારેલા | ૨૫૨ | ૪૩૮ |
| સરગવો | ૨૧૦ | ૪૧૪ |
| તુરીયા | ૪૦૨ | ૬૧૧ |
| પરવર | ૬૨૯ | ૯૨૨ |
| કાકડી | ૨૨૨ | ૩૯૯ |
| ગાજર | ૧૬૬ | ૨૮૪ |
| વટાણા | ૮૧૧ | ૧૨૨૫ |
| ગલકા | ૩૧૩ | ૪૮૯ |
| બીટ | ૬૨ | ૧૨૧ |
| મેથી | ૧૪૪ | ૨૬૯ |
| વાલ | ૭૯૧ | ૧૦૦૨ |
| ડુંગળી લીલી | ૧૬૨ | ૩૨૨ |
| આદુ | ૧૦૧૨ | ૧૨૨૭ |
| મરચા લીલા | ૪૧૨ | ૬૨૧ |
| લસણ લીલું | ૯૧૮ | ૧૧૫૬ |
| મકાઇ લીલી | ૧૦૭ | ૨૧૩ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૨૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૪૦ |
| કાકડી | ૬૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૭૮૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ક્રુદ્દિક્રુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ગુંદા | ૫૦૦ | ૭૦૦ |
| હક્રૈઅીઞ | ૫૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૬ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૮૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૧ | ૨ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૨૫ | ૧૪૫૫ |
| શિંગ ગીરનાર | ૧૪૨૦ | ૧૪૨૦ |
| શિંગ મોટી | ૧૨૪૦ | ૧૬૧૫ |
| શિંગદાણા | ૧૬૨૦ | ૧૮૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૫૦ | ૧૮૭૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૦૫ |
| તલ કાળા | ૧૬૮૦ | ૩૯૦૦ |
| તલ કાશમીરી | ૧૯૭૫ | ૧૯૭૫ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૭૧૫ |
| ઘઉં લોકવન | ૩૫૫ | ૫૩૦ |
| ચણા | ૮૩૦ | ૧૦૪૦ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૭૫ |
| સફેદ ચણા | ૧૦૩૦ | ૧૨૩૫ |
| છોલે ચણા | ૯૦૦ | ૧૪૮૦ |
| વટાણા | ૫૦૦ | ૮૮૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૫૦ |
| ક્પાસ | ૯૭૫ | ૧૮૩૦ |
| એરંડા | ૧૦૭૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૨૪૭૫ | ૪૧૩૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૮૭ |
| રાય | ૧૩૫૫ | ૧૪૧૦ |
| ધાણા | ૨૦૩૦ | ૨૮૧૦ |
| ધાણી | ૧૭૭૫ | ૩૩૬૦ |
| અજમા | ૧૯૭૫ | ૧૯૭૫ |
| મેથી | ૧૧૩૦ | ૧૩૫૫ |
| સોયાબીન | ૯૮૦ | ૧૦૦૦ |
| મરચા લાંબા | ૧૫૦૦ | ૭૨૨૦ |
| મરચા ધોલર | ૯૩૦૦ | ૧૨૬૦૦ |
| કાંગ | ૫૦૦ | ૫૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૦૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૧૫૦ | ૨૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૩૦ |
| ગાજર | ૨૦૦ | ૩૫૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૩૫૦ | ૪૫૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૨૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૫૫૦ | ૭૫૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ચોળા લીલા | ૫૨૦ | ૬૩૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૫૦ | ૭૩૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૯૦ |
| સરગવો | ૨૦૦ | ૨૪૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકું | ૧૦૩૦ | ૧૬૫૦ |
| પાલક | ૪૦૦ | ૫૨૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૨૮૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૮૦ | ૧૪૫૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૫૦૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૭૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૮૬૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૩૦૦ |
| ક્પાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| બાજરો | ૪૦૦ | ૫૮૫ |
| જુવાર | ૩૫૦ | ૮૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૦ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૩૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૩૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૩૦ |
| મેથી | ૭૫૦ | ૧૨૪૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૪૭૫ |
| સોયાબીન | ૮૬૦ | ---- |

**ધારી**

| | | |
|---|---|---|
| ક્પાસ | ૧૪૮૦ | ૧૫૭૫ |
| મગફળી | ૧૨૦૦ | ૧૫૦૧ |
| ઘઉ | ૪૦૦ | ૪૫૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૯૧૫ | ૧૦૪૭ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૧૦૬૫ | ૧૨૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૬ |
| ધાણા | ૧૬૧૦ | ૨૬૦૦ |
| મેથી | ૯૯૫ | ૧૧૬૦ |
| કલોંજી | ૧૪૪૦ | ૨૫૨૦ |
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૩૪ |
| રાયડો | ૮૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| કાંગ | ૫૫૦ | ૫૫૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૩૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| ક્પાસ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ઘઉ લોકવન | ૩૬૫ | ૪૫૨ |
| ઘઉ ટુકડા | ૩૯૦ | ૪૩૭ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૨ |
| ધાણા | ૧૪૨૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૧૦૦૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૦ |
| તલકાળા | ૧૮૦૦ | ૨૮૨૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૪૮ |
| મેથી | ૬૪૦ | ૯૬૦ |
| લશણ | ૩૪૫ | ૫૦૦ |
| એરંડી | ૧૧૯૫ | ૧૨૦૮ |
| કલંજી | ૧૭૦૫ | ૧૭૦૫ |
| જીરૂ | ૩૨૭૫ | ૩૨૭૫ |
| ધાણી | ૨૩૫૧ | ૨૩૫૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૬૦ |
| રાજગરો | ૧૩૨૫ | ૧૩૨૫ |
| અડદ | ૧૨૧૫ | ૧૨૧૫ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| રાય | ૧૧૯૦ | ૧૧૯૦ |
| શીંગદાણા | ૧૩૪૫ | ૧૫૬૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| ક્પાસ | ૧૬૫૦ | ૧૮૫૧ |
| ક્પાસ મીડીયમ | ૧૫૨૫ | ૧૬૪૦ |
| મગફળી | ૧૧૯૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૩૫૨૦ | ૪૩૬૦ |
| ચણા | ૧૦૨૨ | ૧૦૪૮ |
| ઘઉ | ૪૬૫ | ૫૧૫ |
| ધાણા | ૧૫૪૦ | ૨૫૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| ક્પાસ | ૧૦૦૦ | ૧૭૮૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૦ |
| મકાઈ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૧૦૦૧ | ૧૨૨૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૫૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૮૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૧૧ |
| મગફળી | ૮૦૧ | ૧૪૫૧ |
| શિંગફાડા | ૧૨૦૧ | ૧૬૪૬ |
| એરંડા | ૯૦૧ | ૧૦૮૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૨૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૧૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૭૧ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૫૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૧૧૧૧ | ૧૩૯૪ |
| શીંગ ૩૨ | ૧૦૫૧ | ૧૪૫૯ |
| શીંગ ૩૯ | ૧૨૯૨ | ૧૩૫૧ |
| શીંગ જી-૨૦ | ૧૩૭૬ | ૧૫૦૭ |
| એરંડા | ૧૧૦૬ | ૧૧૧૦ |
| જુવાર | ૪૦૦ | ૯૧૧ |
| બાજરી | ૩૩૩ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૧૮ |
| ધાણા | ૧૧૫૦ | ૩૦૮૦ |
| અડદ | ૬૧૦ | ૧૧૦૦ |
| મગ | ૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૭૭૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૭૯૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૨૦૬૦ | ૨૮૫૦ |
| તુવેર | ૫૯૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૨૬૦ | ૪૩૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૩૮ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૫૧ |
| ક્પાસ શંકર | ૧૩૨૫ | ૧૬૯૭ |
| નાળીયેર | ૫૨૫ | ૨૭૯૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૫૭ |
| રાય | ૧૨૫૦ | ૧૪૪૬ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૩૮ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૯૬ |
| તુવેર | ૮૫૦ | ૧૫૪૬ |
| જુવાર | ૭૬૦ | ૯૭૪ |
| અડદ | ૯૦૦ | ૧૬૬૨ |
| મગ | ૮૦૦ | ૧૫૨૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૩૯ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૭ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૫ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૩૦ |
| ક્પાસ | ૧૪૮૦ | ૧૭૧૦ |
| કાંગ | ૩૫૦ | ૫૨૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| ક્પાસ | ૧૪૪૫ | ૧૭૫૧ |
| મગફળી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૫૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૨૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| તુવેર | ૧૨૬૧ | ૨૦૫૦ |
| ધાણા | ૧૬૦૧ | ૨૦૫૦ |
| ઘઉં | ૫૧૦ | ૫૧૦ |
| બાજરો | ૪૦૨ | ૫૫૧ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૫૧ |
| મેથી | ૯૫૦ | ૧૧૪૫ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| | ૨૪૦૧ | ૨૪૦૧ |
| ક્પાસ | ૧૦૦૦ | ૧૭૦૪ |
| બાજરો | ૨૫૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૨૫ |
| જુવાર | ૩૦૦ | ૯૫૦ |
| મગ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| તુવેર | ૧૧૫૧ | ૧૪૪૧ |
| ચણા | ૮૭૫ | ૧૧૦૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૨૧૫૧ |
| મેથી | ૭૦૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૬૫૦ | ૯૦૧ |
| રાય | ૯૦૧ | ૧૩૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પક્ષના સ્થાપના દિવસની ઉજવણી

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીના ૪૬માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ અને ભાવનગરના પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યકર્તાઓને સંબોધતા લોકસભામાં માત્ર ૨ બેઠકોથી શરૂ કરીને ૨૮૨ સુધી પહોંચવાની સંઘર્ષ ગાથા અને પક્ષના નેતાઓના બલિદાનની વાતો પોતાની આગવી શૈલીમાં વર્ણવી હતી.તેમણે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીથી લઈને નરેન્દ્રભાઈ મોદી સુધીની પક્ષની સફરને સરળ ભાષામાં રજૂ કરી હતી. આ તકે પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેન હીરપરાએ જણાવ્યું હતું કે, ભાજપ એ કાર્યકરોના બળે જ ઊભી થયેલી પાર્ટી






છે.ઉલ્લેખનીય છે કે, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને સ્વાયત્ત વિચારધારા માટે વર્ષ ૧૯૫૧માં ’જનસંઘ’ની સ્થાપના થઈ હતી. ત્યારબાદ ’જનતા પક્ષ’માં વિલીનીકરણ બાદ, ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ મુંબઈના સમતા નગરમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હીરપરા, અમરેલી જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી, જીલ્લા ભાજપના ઉપપ્રમુખ અને કાર્યક્રમના ઈન્ચાર્જ મનોજભાઈ મહીડા, ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા, દિલીપભાઈ જોષી, જીલ્લા ભાજપના મંત્રી પ્રવિણભાઈ સાવજ, રંજનબેન ડાભી, ક્રિશ્નાબેન મકવાણા, કોષાધ્યક્ષ મહેશ જાવિયા, જીલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતન ધાનાણી, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ અલ્કાબેન ગોંડલિયા, જીલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશ ખોખરીયા, જીલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ સગર સરવૈયા, જીલ્લા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ સંદીપ સોલંકી, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, જીલ્લા ભાજપના આગેવાનો ભુપેન્દ્રભાઈ બસીયા, ભાવનાબેન ગોંડલિયા, પુનાભાઈ ગજેરા, જીતુભાઈ ડેર, મુકુન્દભાઈ મહેતા, રેખાબેન માવદીયા, કાળુભાઈ ફીંડોળીયા, ખોડાભાઈ ભુવા, રવુભાઈ ખુમાણ, અરવિંદભાઈ ચાવડા, કિશોરભાઈ રેણુકા, પ્રકાશભાઈ કારિયા, કેતનભાઈ ઢાંકેચા, ભયલુભાઈ વાળા, ચિરાગ ચાવડા, દીલાભાઈ વાળા ઉપરાંત જીલ્લાના બધા મંડળોના પ્રમુખો/ મહામંત્રીઓ તેમજ તેમની ટીમ સહીત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન દિવ્યેશ વેકરીયાએ કર્યું હતું તેમ જીલ્લા ભાજપ મીડિયા સેલના કન્વીનર વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

# ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ઘઉંની સિઝનની રેકોર્ડબ્રેક ૨.૨૫ લાખ કટ્ટાની આવક

ગોંડલ,તા.૦૬

સૌરાષ્ટ્રનું અગ્રીમ અને ધાણાનું હબ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની સિઝનની રેકોર્ડબ્રેક અંદાજે ૨.૨૫ લાખ કટ્ટાની આવક નોંધાઈ હતી. શનિવાર સવારથી જ ખેડૂતો પોતાના વાહનો લઈને આવી પહોંચ્યા હતા અને યાર્ડની બાજુમાં આવેલી ૪૫ વીઘા જમીનમાં આશરે ૧૮૦૦થી વધુ વાહનોની કતારો લાગી ગઈ હતી. રવિવારે મોડી રાત્રે ઘઉંની આવક શરૂ કરાતા નવી ખરીદેલી જમીન ઉપરાંત યાર્ડના છાપરા નીચે માલ


તસવીર : ભોજાણી દેવાંગ

ઉતારવામાં આવતા યાર્ડનું મેદાન પણ ટૂંકું પડ્યું હતું અને ઠેર ઠેર ઘઉંના ડુંગરો ખડકાયા હતા. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાના જણાવ્યા અનુસાર ઘઉંની હરાજીમાં ખેડૂતોને ૨૦ કિલો ટુકડા ઘઉંના ૪૫૦ થી ૮૫૦ રૂપિયા અને લોકવન ઘઉંના ૪૫૦ થી ૬૩૦ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. હાલ પુષ્કળ આવકને લીધે નવી આવક સદંતર બંધ કરાઈ છે. ખેડૂતોના માલની સંપૂર્ણ સુરક્ષા અને પોષણક્ષમ ભાવો મળતા હોવાથી જ રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, જામનગર, મોરબી અને ભાવનગર સહિતના જિલ્લાઓમાંથી ખેડૂતો અહીં પોતાનો માલ વેચવા આવે છે.

# ઉનાના રામેશ્વર પાટિયા નજીક કાર પલટી મારી જતા ચાર ઘાયલ

ઉના,તા.૦૬

ઉના તાલુકાના રામેશ્વરના પાટિયા નજીક એક કાર પલટી મારી જતાં તેમાં સવાર ચાર લોકોને ઈજા થઈ હતી. આ અકસ્માતમાં ત્રણ મહિલા અને એક પુરુષ ઘાયલ થયા હતા, જેમને સારવાર માટે ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ભરૂચથી સોમનાથ દર્શન કરવા આવેલા દિલીપભાઈ નટવરભાઈ પટવાડિયા,



વિલાસબેન દિલીપભાઈ પટવાડિયા, વીણાબેન મેહુલભાઈ ઠાકોર અને આંચલબેન ઠાકોર સોમનાથથી પરત ભરૂચ જઈ રહ્યા હતા. તેમની GJ-07-BR ૫૮૭૯ નંબરની કારના ચાલકે પૂરપાટ ઝડપે કાબુ ગુમાવતા રામેશ્વરના પાટિયા નજીક કાર પલટી ખાઈ ગઈ હતી.અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્તોને કારમાંથી બહાર કાઢ્યા હતા. ૧૦૮ના કર્મચારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી તમામ ઈજાગ્રસ્તોને ઉનાની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. વિલાસબેનને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે.

# દીવના નાગવા બીચ પર પ્રવાસીઓ પાસેથી વેઈટિંગ ચેરના નામે નાણાની વસુલી

ઉના,તા.૦૬

દીવના પ્રખ્યાત નાગવા બીચ પર વોટર સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા પ્રવાસીઓ પાસેથી વેઈટિંગ ચેરના નામે ગેરકાયદેસર રીતે રૂ.૩૦ ભાડું વસૂલવામાં આવતા ભારે રોષ ફેલાયો છે. વોટર સ્પોર્ટ્સની મોંઘી ટિકિટ ખરીદવા છતાં બેસવા માટે અલગ ચાર્જ લેવાતો હોવાથી મુસાફરો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને આનાથી દીવના પ્રવાસનની છાપ બગડી રહી છે. વધુમાં આ ઉઘરાણી કોઈ પણ પહોંચ આપ્યા વગર ખૂબ જ




નાની ઉંમરના બાળકિશોર દ્વારા કરાવાતી હોવાની ચોંકાવનારી કબૂલાત ખુદ એસોસિએશને કરી છે જે બાળમજૂરી જેવા ગંભીર ગુના તરફ પણ ઈશારો કરે છે.

# વેરાવળની આંબેડકર સરકારી કન્યા છાત્રાલયમાં બેદરકારીનો આક્ષેપ

વેરાવળ,તા.૦૬

વેરાવળની હરસિધ્ધી સોસાયટીમાં આવેલી ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલયમાં ભારે ગેરરીતિ અને બેદરકારીનો મામલો



સામે આવ્યો છે. તંત્રની ઘોર ઉદાસીનતાથી કંટાળીને વિદ્યાર્થિનીઓએ એબીવીપીના નેજા હેઠળ કલેક્ટર કચેરીએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થિનીઓનો આક્ષેપ છે કે છાત્રાલયમાં અપાતા ભોજનની ગુણવત્તા ખૂબ જ હલકી કક્ષાની છે અને રસોડામાં સડેલા શાકભાજીનો ઉપયોગ થાય છે.

# માત્ર ૩ કલાકનો ડ્રામા : પક્ષને ‘ખરાબ’ કહી કોંગ્રેસમાં ગયેલા મહિલા કોર્પોરેટર ફરી ભાજપમાં જોડાયા

વડોદરા,તા.૦૬

ગુજરાતના ચૂંટણી માહોલ વચ્ચે વડોદરાના એક અનોખા પક્ષપલટાએ રાજકીય હડકંપ મચાવી દીધો છે. ભાજપના પૂર્વ મહિલા કોર્પોરેટર સેજલબેન ગોહેલે માત્ર ત્રણ જ કલાકમાં બે વાર પક્ષ બદલીને નવો રેકોર્ડ બનાવ્યો છે. તેઓ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા અને ગણતરીના કલાકોમાં



જ ‘ઘરવાપસી’ કરીને ફરી ભાજપનો ખેસ પહેરી લીધો છે.

જ્યારે સેજલબેન કોંગ્રેસમાં જોડાયા, ત્યારે તેમણે પ્રેસ કોન્ફરન્સમાં ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભાજપમાં મહિલાઓ અને સંવિધાન સુરક્ષિત નથી. બુટલેગરોએ તેમના પર હુમલો કર્યો હોવા છતાં પક્ષ તરફથી કોઈ રક્ષણ મળ્યું નહોતું. વોર્ડમાં ચાલતા ગેરકાયદેસર ધંધાઓ સામે અવાજ ઉઠાવવા છતાં ભાજપે સાથ આપ્યો ન હતો.

# ઉનાના સનખડા, ગાંગડા ગામમાં સિંહ પરિવારના વસવાટથી લોકોમાં ભય

ઉના,તા.૦૬

ઉના તાલુકાના સનખડા અને ગાંગડા ગામમાં છેલ્લા સાતેક દિવસથી સિંહ પરિવારનો વસવાટ જોવા મળતાં સ્થાનિકોમાં ભારે ભય ફેલાયો છે. ગત રાત્રે સનખડામાં આવેલા ભીડભંજન મહાદેવ મંદિર નજીક કંબોયા વાડી વિસ્તારમાં સિંહ, સિંહણ અને ત્રણ બાળસિંહના પરિવારે



પાંચુભા કાળુભા સરવૈયાની ગીર ગાયનું મારણ કરી મિજબાની માણી હતી. સિંહો આ વિસ્તારમાં જ હોવાથી ખેડૂતો દિવસે પણ વાડીએ કામ કરવા જતાં ડરી રહ્યા છે. બે દિવસ પહેલાં પણ આ વનરાજોએ ગાંગડા ગામના બસ સ્ટેન્ડ નજીક એક ગાયનો શિકાર કર્યો હતો અને બંને ગામ વચ્ચેના રોડ પર લટાર મારી હતી. સિંહોએ આ બંને ગામ વચ્ચે કાયમી રહેઠાણ બનાવ્યું હોય તેમ લાગી રહ્યું છે. આ ભયના માહોલ વચ્ચે વન વિભાગ સઘન પેટ્રોલિંગ કરે અને ગ્રામજનોને સુરક્ષા માટે પૂરતી માહિતી આપે તેવી પ્રબળ લોકમાગણી ઉઠી છે.

# બેંગલોર ખાતે દેશની સર્વોચ્ચ સંસ્થા ‘હિન્દુ ધર્મ આચાર્ય સભા’નું યોજાયું

અમરેલી,તા.૦૬

ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મના સંરક્ષણ માટે કાર્યરત દેશની સર્વોચ્ચ સંસ્થા ‘હિન્દુ ધર્મ આચાર્ય સભા’નું નવમું અધિવેશન કર્ણાટકની રાજધાની બેંગ્લોર ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું. આચાર્ય સભાના ટ્રસ્ટી તથા આદિ ચૂનચૂનગિરિ મઠના વડા પૂજ્ય નિર્મળાનંદનાથજી મહારાજ આ અધિવેશનના યજમાન હતા.



સ્વામી દયાનંદ સરસ્વતીજી દ્વારા સ્થાપિત આ સભામાં દેશના વિવિધ સંપ્રદાયોના આશરે ૯૦ જેટલા ધર્માચાર્યોએ ઉપસ્થિત રહીને અદભુત એકતાના દર્શન કરાવ્યા હતા. હાલમાં આ સભાને સંત કાર્ષ્ણિ શ્રી ગુરુશરણાનંદજી મહારાજ માર્ગદર્શન આપી રહ્યા છે. જ્યારે અધ્યક્ષ સ્થાને મહામંડલેશ્વર શ્રી અવધેશાનંદજી મહારાજ અને કન્વીનર તરીકે પરમાત્માનંદજી મહારાજ સેવા આપી રહ્યા છે. આ સંમેલનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે આખો દિવસ સંતોની સાથે રહીને વિવિધ વિષયો પર મંથન કર્યું હતું. તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વી.એચ.પી.ના અધ્યક્ષ આલોકજીએ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૮૩/૨૦૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. કુરેશી ઈકબાલભાઈ હબીબભાઈ
રહે.૯, બીડી કામદાર સોસાયટી, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ - મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીકુરેશી ઈકબાલભાઈ હબીબભાઈનો જન્મ તા.૧૨/૧૧/૧૯૮૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ભરણપોષણ ચૂકવવા નિષ્ફળ ગયેલા ત્રણ આરોપી ઝડપાયા



કોડીનાર,તા.૦૬

કોડીનાર પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.કે. વણારકાના માર્ગદર્શન હેઠળ પોલીસે અદાલતી વોરંટના નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ હાથ ધરી છે. આ કાર્યવાહી દરમિયાન ભરણપોષણની રકમ ન ચૂકવનાર ત્રણ આરોપીઓની ધરપકડ કરી જૂનાગઢ જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓની શિક્ષકોએ મુલાકાત લીધી


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૦૬

ગીર સોમનાથના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એચ. પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રતાપભાઈ રાઠોડ અને શાળા સ્ટાફે સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે પરીક્ષામાં ગેરહાજર બાળકોના ઘરે રૂબરૂ જઈ વાલીઓ સાથે હકારાત્મક ચર્ચા કરી. તેમણે બાળકોને પ્રોત્સાહિત કરી પરીક્ષા ખંડ સુધી પહોંચાડ્યા હતા.

# રાજ્યની પાંચ RTO કચેરીઓને બોમ્બથી ઉડાવવાની ધમકીથી તંત્રમાં દોડધામ

**પોલીસ તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા હાશકારો**

અમદાવાદ,તા.૦૬

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને પાટણની આરટીઓ કચેરીઓને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે પરિસર ખાલી કરાવીને લર્નિંગ લાયસન્સ અને ડ્રાઈવિંગ ટેસ્ટની રોજિંદી કામગીરી અટકાવી દેવાઈ હતી. બોમ્બ




ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ સઘન તપાસ હાથ ધરી હતી, જોકે સદનસીબે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. વધુ એક વખત ધમકીથી તંત્ર દોડતું થયું હતું.

# ભાજપનું આગામી મિશન 'યુસીસી' અને 'એક દેશ, એક ચૂંટણી' હશે: પીએમ મોદી

નવી દિલ્હી, તા. ૦૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભાજપના સ્થાપના દિવસ નિમિત્તે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દેશભરના કાર્યકરોને સંબોધિત કર્યા હતા. તેમણે પક્ષને મજબૂત કરવા માટે કાર્યકરોના બલિદાન અને સમર્પણને યાદ કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે કટોકટી અને કોંગ્રેસ શાસનના દમનથી લઈને પશ્ચિમ બંગાળમાં




થતી રાજકીય હિંસા વચ્ચે પણ કાર્યકરો મક્કમતાથી દેશ સેવામાં લાગેલા રહ્યા છે.તેમણે ઉમેર્યું કે દેશમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) અને 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે અને તે પક્ષનું આગામી મિશન હશે. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ અને ટ્રિપલ તલાકની નાબૂદી જેવા નિર્ણયો ભાજપના શુધ્ધ ઈરાદાનું પરિણામ છે. આરએસએસ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા તેમણે કહ્યું, ''આરએસએસના વિશાળ અને પવિત્ર વડલાના વૃક્ષ નીચેથી જ અમને શુધ્ધ ઈરાદા અને પ્રામાણિકતા સાથે રાજકારણમાં પ્રવેશવાની પ્રેરણા મળી છે.'' તેમણે ૧૯૮૪ના સમયને યાદ કરીને જણાવ્યું કે જનતાનો વિશ્વાસ જીતીને જ આજે ભાજપ મજબૂત કેડર આધારિત પક્ષ બન્યો છે.

# બોટાદમાં SMCએ રૂા. ૯૩.૩૦ લાખના મુદ્દામાલ સાથે ૧૪ જુગારીઓ ઝડપ્યા

બોટાદ,તા.૦૬

બોટાદના પાળીયાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમીના આધારે જુગારધામ પર સપાટો બોલાવ્યો છે. બાબારકોટ ખાતે કિશોરભાઈ કનુભાઈ ધાડલના ફાર્મમાં આવેલા ખુલ્લા તબેલામાં ધમધમતા જુગાર અડ્ડા પર દરોડો પાડી પોલીસે ૧૪ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં મુખ્ય સૂત્રધાર કિશોરભાઈ



ધાડલ સહિત અન્ય શખ્સો સામે જુગાર ધારાની કલમ-૧૨ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ-૧૧૨(૨) મુજબ ગુનો નોંધાયો છે. પોલીસ ટીમે રેડ દરમિયાન ઘટનાસ્થળેથી રૂ. ૯,૨૪,૩૨૦ ની રોકડ રકમ કબજે કરી છે. આ ઉપરાંત રૂ. ૮૦ લાખની કિંમતના ૭ ફોર-વ્હીલર, રૂ. ૩૦ હજારનું બાઈક અને રૂ. ૩,૭૫,૩૦૦ ની કિંમતના ૧૫ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૯૩,૩૦,૯૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. SMC ના પીઆઈ આર. કે. કરમટા અને તેમની ટીમે આ સફળ ઓપરેશન પાર પાડી તમામ આરોપીઓને આગળની કાર્યવાહી માટે પાળીયાદ પોલીસને સોંપ્યા છે.

# કોંગ્રેસની જીત માટે પાકિસ્તાન પ્રાર્થના કરી રહ્યું છે: સીએમ હિમંતા

ગુવાહાટી, તા. ૦૬

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કોંગ્રેસ પર ચૂંટણીને પ્રભાવિત કરવા માટે પાકિસ્તાની સોશિયલ મીડિયા જૂથોનો ઉપયોગ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો કે છેલ્લા ૧૦ દિવસમાં પાકિસ્તાની ચેનલો પર આસામ ચૂંટણીને લઈને અનેક ટોક શો થયા છે, જેમાં કોંગ્રેસની જીતની ઈચ્છા વ્યક્ત કરાઈ છે.

સીએમ હિમંતાએ નકલી સ્તાવેજો અને AI વડે ફોટોશોપ કરેલા પાસપોર્ટના ઉપયોગ અંગે પણ ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું કે તેમની પત્નીએ આ અંગે એફઆઈઆર (FIR) નોંધાવી છે. ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવા નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરનારાઓ સામે કાયદો કડક કાર્યવાહી કરશે અને તેમાં મહત્તમ સજા આજીવન કેદની પણ જોગવાઈ છે.

# વધતી જતી મોંઘવારીને લઈ રાહુલ ગાંધીના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો

નવી દિલ્હી, તા. ૦૬

પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સોમવારે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એલપીજી (LPG) ગેસ કટોકટીનો સામનો એ જ રીતે કરી રહ્યા છે જે રીતે તેમણે કોવિડ-૧૯ મહામારીને સંભાળી હતી.રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે




સરકાર પાસે કોઈ સ્પષ્ટ નીતિ નથી અને તે માત્ર મોટી જાહેરાતોથી ભરેલી છે, જેના કારણે બધો જ બોજ ગરીબો પર આવી પડ્યો છે. મોંઘવારીના કારણે શ્રમિકો માટે ચૂલો સળગાવવો પણ મુશ્કેલ બન્યો છે અને કાપડ તેમજ ઉત્પાદન ક્ષેત્ર અત્યારે ગંભીર કટોકટીમાં છે.

બીજી તરફ, વડાપ્રધાન મોદીએ સંસદમાં કહ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષથી સર્જાયેલી વૈશ્વિક પરિસ્થિતિ લાંબી ચાલી શકે છે. તેમણે દેશવાસીઓને કોરોના કાળની જેમ જ એકજૂથ રહેવા આહ્વાન કર્યું હતું અને અધિકારીઓને સામાન્ય જનતા માટે તમામ જીવનજરૂરી ચીજોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપ્યા છે.

# નીતીશ કુમારની સામે નિશાંત કુમાર સીએમ ઝિંદાબાદના નારા લાગ્યા

પટણા, તા. ૦૬

બિહાર વિધાન પરિષદના નવા ગેસ્ટ હાઉસના ઉદઘાટન પ્રસંગે એક અનોખો નજારો જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી નીતીશ કુમાર જ્યારે કાર્યક્રમ સ્થળેથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે જેડીયુ કાર્યકરોએ તેમના પુત્ર નિશાંત કુમારના સમર્થનમાં 'નિશાંત કુમાર સીએમ ઝિંદાબાદ' ના નારા લગાવવાનું શરૂ કર્યું હતું. નીતીશ કુમારે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી અને સ્મિત સાથે આગળ વધી ગયા હતા. નીતીશ કુમારે રાજ્યસભાની ચૂંટણી જીત્યા બાદ તેઓ મુખ્યમંત્રી પદ છોડે તેવી અટકળો વચ્ચે આ ઘટનાથી બિહારના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પક્ષનો એક વર્ગ નિશાંત કુમારને નીતીશ કુમારના શ્રેષ્ઠ વિકલ્પ તરીકે જોઈ રહ્યો છે. આગામી સમયમાં મુખ્ય મંત્રીને લઈને બિહારના રાજકારણમાં નવા જૂની જોવા મળશે.

# વિદેશ મંત્રી એસ. જયશંકરે કતાર, યુએઈ અને ઈરાનના નેતાઓ સાથે ચર્ચા કરી

નવી દિલ્હી, તા. ૦૬

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે રવિવારે કતાર, યુએઈ અને ઈરાનના વિદેશ મંત્રીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. આ નેતાઓ વચ્ચે પશ્ચિમ એશિયામાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ અંગે ગંભીર ચર્ચા થઈ હતી.



અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને અપાયેલી કડક ચેતવણી બાદ આ ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ (સમુદ્રધુની) પર નાકાબંધી કરાયા બાદ વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં ઉછાળો આવ્યો છે.

ભારત માટે આ વિસ્તાર ઊર્જા ખરીદીનો મુખ્ય સ્ત્રોત છે. આથી ભારતે પશ્ચિમ એશિયામાં સંઘર્ષને વહેલી તકે શાંત કરવા અને અવિરત ઊર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જો આ માર્ગ લાંબો સમય બંધ રહેશે તો ભારત સહિત અનેક દેશોની ઈંધણ અને ખાતર સુરક્ષા પર તેની ગંભીર અસર પડી શકે છે.

# આંધ્રપ્રદેશમાં પાકિસ્તાન પ્રેરિત આતંકી મોડ્યુલનો પર્દાફાશ થતા ખળભળાટ

વિજયવાડા, તા. ૦૬

આંધ્રપ્રદેશમાં સુરક્ષા એજન્સીઓએ ૧૨ શંકાસ્પદોની ધરપકડ કરી દેશ વિરોધી મોટા કાવતરાનો પર્દાફાશ કર્યો છે.

તપાસમાં બહાર આવ્યું છે કે મોહમ્મદ રહેમતુલ્લાહ શરીફની આગેવાની હેઠળનું આ આતંકવાદી નેટવર્ક પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના આઈએસઆઈએસ ઓપરેટિવ્સ



સાથે સીધા સંપર્કમાં હતું.આ સંગઠને મહિલાઓને જોડીને 'ખાવતીન' નામની પાંખ ઊભી કરી હતી.

હૈદરાબાદથી પકડાયેલી સઈદા બેગમ પર મહિલાઓની ભરતી અને કટ્ટરપંથીકરણનો આરોપ છે. આ જૂથનો હેતુ યુવાનોને કટ્ટરપંથી બનાવી ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપવાનો હતો. આરોપીઓ ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા દ્વારા ઉગ્રવાદી ભાષણો અને વિસ્ફોટકો બનાવવાની રીતો શેર કરતા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની હેન્ડલર્સ આ યુવાનોને તાલીમ આપીને સ્નાઈપર રાઈફલ્સ અને આઈઈડી દ્વારા દેશમાં હિંસક કૃત્યો આચરવાનું આયોજન કરી રહ્યા હતા. હાલ આ મામલે ઊંડી તપાસ ચાલી રહી છે.

# અદાણી ગ્રુપની રુ. ૧૪,૫૩૫ કરોડની બોલી પર સ્ટે આપવાનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

નવી દિલ્હી, તા. ૦૬

સુપ્રીમ કોર્ટે અદાણી ગ્રુપ દ્વારા રૂ.૧૪,૫૩૫ કરોડની બોલી સાથે જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ (JAL)ના સંપાદન પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. આ સોદા સામે વેદાંત લિમિટેડે વાંધો ઉઠાવ્યો હતો.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે તમામ પક્ષકારોને નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT)




સમક્ષ રજૂઆત કરવા જણાવ્યું છે. જોકે, કોર્ટે મોનિટરિંગ કમિટીને પરવાનગી વિના મોટા નિર્ણયો લેવા પર રોક લગાવી છે અને આ મામલે અંતિમ સુનાવણી ૧૦ એપ્રિલથી શરૂ થશે.

# અજિત પવારની બારામતી બેઠક નિર્વિવાદ નહીં રહે, કોંગ્રેસે ઉમેદવાર જાહેર કર્યો

મુંબઈ, તા. ૦૬

મહારાષ્ટ્રની બારામતી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે કોંગ્રેસે આકાશ મોરેને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. આ સાથે જ આ બેઠક બિનહરીફ થશે તેવી અટકળો પર વિરામ લાગી ગયો છે. અજિત પવારના નિધન બાદ ખાલી પડેલી આ બેઠક પર તેમના પત્ની અને નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવાર ચૂંટણી લડી રહ્યા છે.

સુનેત્રા પવારે આ બેઠક પર નિર્વિવાદ ચૂંટણી માટે કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરે પાસે સમર્થન માંગ્યું હતું. શરદ પવારની NCP (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી) એ અજિત પવારના માનમાં ઉમેદવાર ન ઉતારવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ હવે કોંગ્રેસે આકાશ મોરેને મેદાનમાં ઉતારી મુકાબલો રસપ્રદ બનાવ્યો છે.

# પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી સામે કેન્દ્ર સરકાર કાર્યવાહી કરશે કે કેમ? સીએમ મમતા બેનર્જી

કોલકાતા, તા.૦૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક ચૂંટણી રેલી દરમિયાન પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફ દ્વારા કોલકાતા પર હુમલો કરવાની અપાયેલી ધમકી મુદ્દે કેન્દ્ર સરકાર સામે સવાલો ઉઠાવ્યા છે. મમતા બેનર્જીએ સીધો પ્રશ્ન કર્યો કે, તમે પાકિસ્તાન સામે કાર્યવાહી કરવાની વાત કેમ નથી કરી રહ્યા?



અમે પણ આ ગંભીર બાબતની તપાસ ઈચ્છીએ છીએ.

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે સિયાલકોટમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ભારતને ચેતવણી આપતા કહ્યું હતું કે, જો ભારત ભવિષ્યમાં પાકિસ્તાન પર કોઈ ખોટું ઓપરેશન કરવાની હિંમત કરશે, તો પાકિસ્તાન છેક કોલકાતા સુધી હુમલો કરીને તેનો જવાબ આપશે. મમતા બેનર્જીએ આ નિવેદન પર કેન્દ્ર સરકારના મૌન સામે આકરા પ્રહારો કર્યા છે.

# હોર્મુઝ તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને: બ્રેન્ટ ક્રૂડ ૧૧૦ ડોલર પર પહોંચ્યું

વોશિંગ્ટન, તા. ૦૬

પશ્ચિમ એશિયામાં વધી રહેલા ગંભીર ભૂરાજકીય તણાવ વચ્ચે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાનને કડક ચેતવણી બાદ બજારમાં અનિશ્ચિતતા વધી છે.

આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૧.૪% વધીને



૧૧૦.૬૦ અમેરિકી ડોલર પ્રતિ બેરલ થઈ ગયો છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ચેતવણી આપી હતી કે જો હોર્મુઝ સ્ટ્રેટ (સમુદ્રધુની) તાત્કાલિક ખોલવામાં નહીં આવે, તો ઈરાનના ઊર્જા મથકો પર હુમલો થઈ શકે છે.

સામા પક્ષે ઈરાને પણ સ્પષ્ટ કર્યું છે કે યુધ્ધના નુકસાનની ભરપાઈ ન થાય ત્યાં સુધી આ માર્ગ બંધ રહેશે.

આ તણાવ વચ્ચે ઓમાને મધ્યસ્થીના પ્રયાસો શરૂ કર્યા છે. બીજી તરફ, વૈશ્વિક સપ્લાય સ્થિર કરવા માટે ઓપેક પ્લસ (OPEC+) અને સાથી દેશોએ મે ૨૦૨૬થી દૈનિક ૨,૦૬,૦૦૦ બેરલ તેલનું ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો છે જેથી બજારને અમુક અંશે સંતુલિત કરી શકાય.

# પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે ૨૩ બાળકો સહિત ૪૫ લોકોનાં મોત

ઈસ્લામાબાદ, તા. ૦૬

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમી પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં સતત વરસી રહેલા ભારે વરસાદે ભારે તબાહી મચાવી છે. પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૦ દિવસમાં વરસાદ સંબંધિત અકસ્માતો અને ઘટનાઓમાં ઓછામાં ઓછા ૪૫ લોકોનાં મોત નીપજ્યાં છે અને ૧૦૫થી વધુ લોકો ઘાયલ થયા છે. ૨૫ માર્ચથી શરૂ થયેલા આ અવિરત



વરસાદના કારણે થયેલા કરુણ મૃત્યુમાં ૨૩ નિર્દોષ બાળકો, ૧૭ પુરુષો અને ૫ મહિલાઓનો સમાવેશ થાય છે. ઘાયલોમાં પણ મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ સામેલ છે. ભારે વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં મકાનોની છત અને દિવાલો ધરાશાયી થઈ છે, જેના કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે.આ આફતમાં આશરે ૪૪૨ ઘરોને નુકસાન પહોંચ્યું છે, જેમાંથી ૬૦ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ ટુકડીઓ દ્વારા રાહત કામગીરી યુધ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે. પીડીએમએના મહાનિર્દેશકે આગામી ૯ એપ્રિલ સુધી હજુ વધુ વરસાદ પડવાની ચેતવણી આપી છે. આથી સ્થાનિક તંત્રએ પ્રવાસીઓ અને નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ સાવચેત રહેવા સખત સૂચના આપી છે.

# પોરબંદરમાં ગમખ્વાર અકસ્માત: બે બાઈક અથડાતા ચારનાં કરૂણ મોત, એક ગંભીર

પોરબંદર, તા. ૬

પોરબંદરના સુદામાપુરી વિસ્તારમાં આજે વહેલી સવારે એક ગંભીર માર્ગ અકસ્માતમાં ચાર યુવાનોના મોત નિપજ્યા છે, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ દુર્ઘટના એરપોર્ટ રોડ પર સવારે અંદાજે ૫:૦૦ થી ૫:૪૦ વાગ્યાની વચ્ચે બની હતી. મળતી માહિતી અનુસાર, બે મોટરસાઈકલ



વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચલાવતા યુવાનો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. અથડામણ બાદ બાઈકના ટુકડા અને કાચના કણો રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા, જ્યારે બંને બાઈક રસ્તાની બાજુમાં પડી ગઈ હતી. ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો અને તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. પાંચેય ઘાયલ યુવાનોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમ છતાં, ત્રણ યુવાનોના હોસ્પિટલ પહોંચતા પહેલાં જ મોત નિપજ્યા હતા. વધુ સારવાર માટે જામનગર ખસેડાતા એક અન્ય યુવાનનું ખંભાળિયા નજીક માર્ગમાં જ અવસાન થયું હતું.

# ગાંધીનગર ખાતે ભાજપનો ૪૬મો સ્થાપના દિવસ ઉજવાયો: કમલમ ખાતે ધ્વજવંદન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૬

ભારતીય જનતા પાર્ટીએ આજે તેનો ૪૬મો સ્થાપના દિવસ રાજ્યભરમાં ઉજવ્યો, જેમાં ગાંધીનગર સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું અને પાર્ટીના સ્થાપકોને



શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્યો, આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. નેતાઓએ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવી તેમની સેવા અને સમર્પણની પ્રશંસા કરી. જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, એક સમય એવો હતો જ્યારે જનસંઘમાં કાર્યકર્તાઓની અછત હતી, પરંતુ આજે ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે પાર્ટીનું મજબૂત નેતૃત્વ અને કાર્યકર્તાઓની મહેનતથી ભાજપ આજે આ ઊંચાઈએ પહોંચી છે. તેમણે કાર્યકર્તાઓને સંયમ અને ધીરજ સાથે કાર્ય કરવાની અપીલ કરી.

# બાળકીના અપહરણ કેસમાં ગીરગઢડા પોલીસે માત્ર ૭ દિવસમાં ચાર્જશીટ કરી

વેરાવળ, તા. ૬

ગીર સોમનાથ જિલ્લામાં પાંચ વર્ષની બાળકીના અપહરણ અને જાતીય શોષણના ગંભીર ગુન્હામાં ગીર ગઢડા પોલીસે માત્ર ૭ દિવસમાં ચાર્જશીટ દાખલ કરી અનોખી ઝડપી કામગીરી દર્શાવી છે. ૩૦ માર્ચ ૨૦૨૬ના રોજ બનેલી આ ઘટનાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. પીડિત બાળકીનું તાત્કાલિક તબીબી સારવાર સાથે સંરક્ષણ કરવામાં આવ્યું હતું અને મહિલા પોલીસ અધિકારીની હાજરીમાં ફરિયાદ નોંધાઈ હતી. આરોપી જેરામભાઈ ભાણાભાઈ જાદવ (ઉ.વ. ૬૦)ને બીજા જ દિવસે ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે બનાવ સ્થળનું નિરીક્ષણ, પંચનામું, તેમજ મેડિકલ પરીક્ષણ જેવી તમામ જરૂરી પ્રક્રિયાઓ ઝડપથી પૂર્ણ કરી હતી. નમૂનાઓને એફએસએલ જૂનાગઢ મોકલી તપાસ ઝડપી બનાવાઈ હતી.

# મહીસાગર નદીમાં ન્હાવા ગયેલા ચાર વિદ્યાર્થીઓમાંથી બેના મોત

આણંદ, તા. ૬

આણંદ જિલ્લાના ખરેડા ગામ નજીક મહીસાગર નદીમાં રવિવારે બનેલી દુર્ઘટનામાં વેટરનરી કોલેજના ચાર વિદ્યાર્થીઓમાંથી બેના મોત નિપજ્યા છે, જ્યારે બેને બચાવી લેવામાં આવ્યા છે. રજાના દિવસે ચારેય મિત્રો નદીમાં નહાવા ગયા હતા, ત્યારે પાણીના પ્રવાહ અને ઊંડાણનો અંદાજ ન આવતા



તેઓ ડૂબવા લાગ્યા હતા. સ્થાનિક લોકો અને તરવૈયાઓએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી બે વિદ્યાર્થીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જોકે, અન્ય બે યુવકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બાદમાં શોધખોળ દરમિયાન તેમના મૃતદેહ મળી આવ્યા હતા. આ ઘટના બાદ સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. લોકોનો આક્ષેપ છે કે નદીમાં ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનનના કારણે ઊંડા ખાડા બન્યા છે, જેનાથી આવી દુર્ઘટનાઓ સર્જાઈ રહી છે. સ્થાનિકોએ તંત્રની કામગીરી પર પ્રશ્નો ઊભા કરી તાત્કાલિક કડક પગલાં લેવાની માંગણી કરી છે.

# રાજ્યમાં આજથી પાંચ દિવસ હવામાનમાં પલટાની આગાહી

અમદાવાદ,તા.૦૬

અમદાવાદમાં હવામાન વિભાગની આગાહી અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન એમ બે શક્તિશાળી સિસ્ટમ સક્રિય થવાને કારણે આગામી ૭ થી ૧૨ એપ્રિલ દરમિયાન રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવવાની શક્યતા છે. આ દરમિયાન અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને કલાકના ૪૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવન સાથે કમોસમી વરસાદ વરસી શકે છે. ગંભીર સ્થિતિને જોતાં માછીમારોને આગામી બે દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ વાતાવરણ વચ્ચે પણ રાજ્યમાં ગરમીનો પારો યથાવત જોવા મળી રહ્યો છે, જેમાં રાજકોટમાં સૌથી વધુ ૩૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે જ્યારે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે.કમોસમી વરસાદની આગાહીને લઈ ખેડૂતોમાં ફરી ચિંતાનો માહોલ છવાયો છે.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનો પ્રારંભ: ૧૦ હજારથી વધુ બેઠકો માટે ફોર્મ ભરાવાની શરૂઆત

અમદાવાદ, તા. ૬

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેરનામા બહાર પાડતાં જ આજે રાજ્યભરમાં ઉમેદવારી ફોર્મ ભરવાની શરૂઆત થઈ છે. ૧૦ હજારથી વધુ બેઠકો માટે ૨૬ એપ્રિલે મતદાન યોજાવાનું



હોવાથી રાજકીય પક્ષો અને ટિકિટ ઈચ્છુકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચૂંટણી કાર્યક્રમ મુજબ, ઉમેદવારો ૧૧ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકશે, જ્યારે ૧૩ એપ્રિલે ફોર્મની ચકાસણી થશે. ૧૫ એપ્રિલ સુધી ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ નક્કી કરવામાં આવી છે. આ ચૂંટણી અંતર્ગત ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૨૬૦ તાલુકા પંચાયત અને ૮૪ નગરપાલિકાઓ માટે મતદાન થશે. ૨૮ એપ્રિલે મતગણતરી બાદ નવા પ્રતિનિધિઓની પસંદગી થશે.

# સુરતમાં નવપરિણીત દંપતીનો ગળાફાસો ખાઈ આપઘાત

સુરત, તા. ૬

સુરતના સિંગણપોર-ડભોલી વિસ્તારમાં નવપરિણીત દંપતી દ્વારા આત્મહત્યા કરાયાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રાજપુત ફળિયામાં રહેતા ૨૪ વર્ષીય ભાવેશ ચુડાસમા અને તેમની ૨૩ વર્ષીય પત્ની તેજલ ચુડાસમાએ પોતાના જ ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. માહિતી મુજબ, બંનેએ



એક જ રૂમમાં અલગ-અલગ રીતે ફાંસો ખાધો હતો. પત્ની એ નાયલોનની પટ્ટીથી છતના હૂક સાથે ફાંસો ખાધો, જ્યારે પતિએ સીલિંગ ફેનના હૂક સાથે દોરી બાંધી આપઘાત કર્યો હતો. એકસાથે બંનેના મૃતદેહ લટકતા જોવા મળતા પરિવારજનોમાં શોક ફેલાયો હતો. ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પોસ્ટમોર્ટમ માટે મૃતદેહોને હોસ્પિટલ ખસેડાયા છે. હાલ સુધી કોઈ સુસાઈડ નોટ મળી નથી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# જસદણમાં દેહવ્યાપારનો પર્દાફાશ: ગેસ્ટહાઉસમાંથી ત્રણ ઝડપાયા

રાજકોટ, તા. ૬

જસદણ શહેરમાં નવા બસ સ્ટેન્ડ નજીક આવેલા અમર ગેસ્ટ હાઉસમાં પોલીસે મોડી રાત્રે રેડ કરીને દેહવ્યાપારના રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન એક મહિલા સહિત ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને ગેસ્ટ હાઉસમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ




ચાલી રહી હોવાની બાતમી મળતાં રેડ કરવામાં આવી હતી. સ્થળ પરથી સંચાલક અને કર્મચારીને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સીસીટીવી ડીવીઆર કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

# સાબરકાંઠામાં ટ્રકની ટક્કરથી બેના મોત, એક ગંભીર ઘાયલ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠાના વડાલી તાલુકાના પહાડી પોળ ગામના બે રહેવાસીઓના ટેચાવા હાઈવે પર થયેલા ભયાનક અકસ્માતમાં મોત નિપજ્યા છે, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો છે.

માહિતી મુજબ, અમૃતજી પુંજાજી વાઘેલા, ભલાભાઈ માનાભાઈ વાઘેલા અને રણજીતજી વાઘેલા મોટરસાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવી રહેલી ટ્રકે ટક્કર મારી હતી. અકસ્માતમાં અમૃતજી અને ભલાભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. લાડોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઘટનાથી ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# પટણામાં રાજકોટના વેપારી પાસેથી ૨૨ કરોડનું સોનું લૂંટાયું

રાજકોટ, તા. ૬

બિહારની રાજધાની પટણામાં ગુજરાતના સોનાના વેપારીઓ પાસેથી આશરે ૨૨.૫ કરોડ રૂપિયાનું સોનું લૂંટાયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખગૌલ ઓવરબ્રિજ પાસે કસ્ટમ અધિકારી બની આવેલા લૂંટારૂઓએ તપાસના બહાને ત્રણ બેગ કબજે કરી લૂંટ ચલાવી હતી. ઘટના બાદ એક વેપારીને કારમાં




લઈ જઈ રસ્તા પર ઉતારી દેવાયો હતો. પોલીસે ચોરાયેલી કાર, એક બાઈક અને બેગ જપ્ત કરી તપાસ શરૂ કરી છે. ફોરેન્સિક ટીમ હાલમાં આ સમગ્ર કેસ સાથે સંબંધિત પુરાવાઓની તપાસ કરી રહી છે.







# યુધ્ધની અસર રસોડે: સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં તેજી

અમદાવાદ, તા. ૬

વૈશ્વિક યુધ્ધની અસર હવે સીધી લોકોના રસોડામાં જોવા મળી રહી છે, જેમાં ખાદ્ય તેલના ભાવમાં ભારે વધારો નોંધાયો છે. છેલ્લા દોઢ મહિનામાં સિંગતેલમાં આશરે ૧૫૦ રૂપિયા અને કપાસિયા તેલમાં ૨૪૦ રૂપિયાનો વધારો થતા મોંઘવારીનો માર વધુ તીવ્ર બન્યો છે.

ફેબ્રુઆરીથી સતત વધતા ભાવોને કારણે ખાદ્ય તેલ આસમાને પહોંચી ગયું છે. તાજેતરમાં પણ સિંગતેલમાં ૧૦




રૂપિયા અને કપાસિયા તેલમાં ૨૦ રૂપિયાનો વધારો નોંધાયો છે. વેપારીઓના જણાવ્યા મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં અસ્થિરતા, કાચા માલના વધતા ભાવ અને સપ્લાય ચેઈનમાં આવેલા અવરોધો આ વધારાના મુખ્ય કારણો છે. આયાત આધારિત બજાર હોવાથી તેની સીધી અસર સ્થાનિક સ્તરે પડી રહી છે. હાલની પરિસ્થિતિમાં ભાવમાં તાત્કાલિક રાહત મળવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે.